Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**





# આત્મધર્મ

## સમ્યક્ત્વનો મહિમા

એક તો સમ્યક્ત્વનો લાભ, બીજો ત્રૈલોકયનો લાભ, તેમાં ત્રણ લોકના લાભથી પણ સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. ધરણેન્દ્ર-નરેન્દ્ર -દેવેન્દ્ર પદનો લાભ પ્રાપ્ત કરીને અલ્પકાળમાં જીવનું પતન થાય છે. ત્રણ લોકનું રાજ્ય પામીને રાજ્યથી છૂટી મરણ પામીને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે અને જે સમ્યક્ત્વને પામે છે તે ચારગતિસંસારમાં જન્મ-મરણ કરતાં નથી-અવિનાશી સુખને પામે છે. માટે સમ્યક્ત્વના લાભ સમાન ત્રણ લોકનો લાભ પણ શ્રેષ્ઠ નથી.

( શ્રી ભગવતી આરાધના )





તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૩, પોષ ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૪ઃ અંક ૩


[૩૯૯]

# જ્ઞાનીની જ્ઞાન-વૈરાગ્ય શક્તિનો ચમત્કાર

**સમ્યગ્દૃષ્ટિ વિરાગીનો ભોગ પણ નિર્જરાનું કારણ છે અને અજ્ઞાનીના દયા-દાન-વ્રત-તપ-ભક્તિ પણ બંધનું કારણ છે. યથાર્થ-દૃષ્ટિનો મહિમા અને વિપરીત-દૃષ્ટિનું હલકાપણું શું છે તેને જીવો જાણતાં નથી. માટે આચાર્યદેવે દૃષ્ટિનું જોર બતાવવા અહીં જ્ઞાનીના ભોગને પણ નિર્જરાનું કારણ કહી દીધું છે. આમ કહીને જ્ઞાનીની જ્ઞાન-વૈરાગ્ય શક્તિનો અપાર મહિમા આચાર્યદેવે પ્રસિદ્ધ કર્યો છે.**

[ સમયસાર નિર્જરા અધિકારની ગાથા ૧૯૩ થી ૧૯૬ ઉપરના પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનનો ટૂંકસાર ]

વિરાગીનો ભોગ નિર્જરા માટે છે. સર્વજ્ઞ ભગવાને કહ્યો એવા ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનું જેને ભાન થયું છે તે જીવ આખા જગતથી અને શુભાશુભ ભાવોથી ઉદાસ છે, તેને ઉદય આવેલા કર્મો ખરતાં જાય છે. પર દ્રવ્યનો ભોગ–ઉપભોગ જ્ઞાની કે અજ્ઞાની કોઈ કરી શકતું નથી, પરદ્રવ્ય પ્રત્યેના રાગ–દ્વેષનો ભોગવટો અજ્ઞાની કરે છે.

જે ભોગ–ઉપભોગથી અજ્ઞાની બંધાય છે એ જ ઉપભોગ જ્ઞાનીને રાગની રુચિના અભાવે, રાગના પ્રેમના અભાવે, નવા બંધનું કારણ નહિ થતાં, નિર્જરાનું કારણ થાય છે. સમ્યગ્દૃષ્ટિનું માહાત્મ્ય શું છે અને મિથ્યાદૃષ્ટિનું હલકાપણું શું છે તેની જીવોને ખબર નથી.

ખરેખર તો જ્ઞાનીનો વીતરાગી ભાવ નિર્જરાનું નિમિત્ત થાય છે પણ અહીં દૃષ્ટિનું જોર બતાવવા જ્ઞાનીના ભોગને નિર્જરાનું કારણ કહ્યું છે. એક બાજુ છઠ્ઠા ગુણસ્થાને મુનિને વર્તતા પંચ–મહાવ્રતના શુભરાગને પણ બંધનું કારણ કહ્યું અને અહીં જ્ઞાનીના ભોગને

[ અનુસંધાન પાનું ૨૭ પર ]

વાર્ષિક લવાજમ છ રૂપિયા વર્ષ ૩૪ અંક ૩




વીર સં. ૨૫૦૩ પોષ: A. D. 1977 JAN.

## સંતોની મહાન કરુણા :
# અપદમાં સૂતેલાં જીવોને આચાર્યદેવનું સંબોધન

( શ્રીગુરુ સંસારી ભવ્ય જીવોને સંબોધે છે કે : )

**હે અંધ પ્રાણીઓ ! અનાદિ સંસારથી માંડીને પર્યાયે પર્યાયે આ રાગી જીવો સદાય મત્ત વર્તતા થકા જે પદમાં સૂતા છે-ઊંઘે છે તે પદ અર્થાત્ સ્થાન અપદ છે-અપદ છે, ( તમારું સ્થાન નથી, ) એમ તમે સમજો. આ તરફ આવો-આ તરફ આવો, ( અહીં નિવાસ કરો, ) તમારું પદ આ છે-આ છે. જ્યાં શુદ્ધ-શુદ્ધ ચૈતન્યધાતુ નિજરસની અતિશયતાને લીધે સ્થાયીભાવપણાને પ્રાપ્ત છે અર્થાત્ સ્થિર છે-અવિનાશી છે.**

**( સમયસાર-કળશ ૧૩૮ ઉપર પૂ. ગુરુદેવે તા. ૨૭-૧૨-૭૬ના રોજ આપેલા કરુણારસ ભરપૂર પ્રવચનનો સાર )**

અમૃતચંદ્ર આચાર્યદેવ–જેમને ત્રણ કષાયનો અભાવ થઈને પ્રચુરપણે આનંદનું વેદન વર્તતું હતું, તેમણે અનાદિથી રાગાદિભાવોને પોતાનું પદ જાણીને સૂતેલાં ભવ્ય જીવોને અત્યંત કરુણાભાવે આ શ્લોકમાં સંબોધન કર્યું છે.

જેને આત્માનું ભાન નથી તેને અહીં અંધ પ્રાણી કહ્યા છે. આત્માના અતીન્દ્રિય આનંદનું જેને ભાન નથી, અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ નથી તે જીવો ચક્ષુ–ઇન્દ્રિય સહિત હોવા છતાં આંધળા છે. હે જીવ! ચૈતન્યતત્ત્વ છતી ચીજને તું જોતો નથી, જાણતો નથી માટે તું અંધ છો, ભગવાન આત્મા આનંદથી ભરેલું તત્ત્વ અંદરમાં છે. આત્મા પરમાત્મસ્વરૂપ અંદરમાં બિરાજે છે. જેઓ અરિહંત અને સિદ્ધ થયા છે તે બધા અંતરમાંથી થયા છે. એવા તત્ત્વને આનંદના વેદનથી વેદવું જોઈએ, તેને જે વેદતાં નથી તેને અહીં અંધ પ્રાણી કહ્યાં છે.

હે જીવ! અનાદિકાળથી તું પુણ્ય–પાપના ભાવમાં જ મસ્ત થઈને સૂતો છો. અહો! આચાર્યદેવની કરુણા તો જુઓ. ભાઈ! જે ચીજ જોવાની છે તેને તું જોતો નથી અને જેમાં કંઈ જોવાનું નથી તેમાં તું જોયા કરે છે. ભાઈ! જે રાગ ભગવાન આત્મામાં નથી એ રાગને ભાળીને તું તેમાં હરખાઈ ગયો. પ્રભુ! વ્રત–તપ પણ વિકલ્પ છે, તેમાં તું સંતુષ્ઠ થઈ જાય એ તને શોભતું નથી. રાગને ધારણ કરવો તે આત્મા નથી. વ્યવહારના રસીયા શુભ રાગમાં મસ્ત થઈને પડયા છે, પણ આ ચૈતન્યનું પદ નથી. એક તો અશુભ રાગની હોળીમાં જ જીવો પડયા છે, ત્યાંથી વળી જરા ખસીને શુભમાં આવે તો ત્યાં સંતુષ્ઠ થઈ જાય છે. પણ શુભરાગ તે પણ ચૈતન્યનું પદ નથી. જેમ દારૂડીયો દારૂ પીને. , બેભાન થઈને જ્યાં ત્યાં મલિન સ્થાનમાં પડયો રહે છે તેમ ભગવાન કહે છે કે કોઈ પણ પ્રકારનો રાગ તે તારું પદ નથી. શુભાશુભ રાગભાવો તે અપદ છે–અપદ છે, તારે રહેવાનું સ્થાન તે નથી.

આ શ્લોક બહુ ઊંચો છે. ભગવાન ત્રણલોકના નાથ સીમંધર પરમાત્મા વર્તમાનમાં બિરાજે છે ત્યાંથી આ સંદેશો આવ્યો છે.

ભગવાન આત્મા સિદ્ધસ્વરૂપ છે. સિદ્ધસ્વરૂપની સામે તું જોતો નથી અને રાગમાં જ તને મહિમા આવે છે. ભાઈ! રાગ તો અપદ છે મલિન સ્થાન છે. તારું પદ નથી. યાત્રા આદિ કરે એ તો શુભરાગ છે, શુભરાગ તો અરક્ષણ છે, અલક્ષણ છે, અપદ છે, તે તને શરણરૂપ નથી. તે તારું લક્ષણ નથી, તે તારું પદ નથી, જેમાં અતીન્દ્રિયઆનંદ ભર્યો છે તેમાં તારી નજર જતી નથી. ભલે શાસ્ત્રનો ભણનારો હોય પણ ચૈતન્યમાં નજર ન કરી તો તે અપદમાં–મલિન સ્થાનમાં સૂતો છે.

તારું ડહાપણ તો ત્યારે જ કહેવાય કે રાગમાંથી એકતાબુદ્ધિ છોડીને તારા ચૈતન્યસ્વરૂપમાં નજર કરે. શુભરાગ અને અશુભરાગ બંને મલિન પરિણામ છે. તે તારે રહેવા લાયક સ્થાન નથી. અપદ છે, અપદ છે એમ આચાર્યદેવે બે વખત કહ્યું છે તે અત્યંત

કરુણાભાવ સૂચિત કરે છે. પરમેશ્વર ત્રિલોકનાથના આ ફરમાન છે. સંતો જગત ઉપર કરુણા કરીને કહી રહ્યાં છે કે શુભાશુભ રાગભાવ તે તમારું અપદ છે એમ તમો સમજો.

અરેરે! જગત લૂંટાઈ ગયું છે, તેથી સંતો જગતને જાહેર કહે છે કે રાગ તે તમારું સ્થાન નથી એમ તમે જાણો અને આ તરફ આવો, આ તરફ આવો. દ્રવ્યે અને ભાવે શુદ્ધ ચૈતન્યધાતુ એ તમારું પદ છે, ત્યાં તમે આવો.

પ્રશ્નઃ– અહીં ભાવે પણ શુદ્ધ છે તેમ કહ્યું તો ભાવે અર્થાત્ પર્યાયથી પણ આત્મા શુદ્ધ કેવી રીતે છે?

ઉત્તરઃ– અહીં પર્યાયની શુદ્ધતાની વાત નથી. આત્મા સર્વ પર દ્રવ્યોથી જુદો છે. પરદ્રવ્યની ભેળસેળ આત્મામાં થઈ નથી. માટે આત્મા દ્રવ્યે શુદ્ધ છે. અને પરદ્રવ્યના નિમિત્તે થતાં વિકારી ભાવોનો પણ આત્મદ્રવ્યમાં પ્રવેશ નથી માટે આત્મા ભાવે પણ શુદ્ધ છે.

સંતો કહે છે કે દ્રવ્ય અને ભાવ શુદ્ધ છે એવી તારી ચૈતન્યધાતુ છે તેમાં તું જા. રાગના વિકલ્પ વિનાની તારી ચીજ છે, તેમાં જવું તે તારી દયા છે, રાગના વિકલ્પને પોતાનો માનનારો છ–કાયનો હિંસક છે. બહારમાં ભલે કાંઈ હિંસા ન કરે પણ જેને કાયા અને કષાય સાથે એકતા પડી છે તે છ–કાયનો હિંસક છે.

ચૈતન્યધાતુને ટકાવી રાખે એવું તારું તત્ત્વ છે, રાગને ટકાવી રાખે એવું તારું તત્ત્વ નથી. ભગવાન આત્માએ શુદ્ધ ચૈતન્યધાતુને ધારી રાખી છે. જેમ સોનાએ સુવર્ણ–ધાતુને ધારી રાખી છે તેમ આત્મા શુદ્ધ ચૈતન્યધાતુને ધારી રાખે છે.

ચૈતન્ય–સ્વભાવ વીતરાગ રસ છે તે સ્થાયી ભાવ છે, અવિનાશી વસ્તુ છે. હે જીવ! તું ત્યાં આવ, તારી નજર ફેરવી નાખ. બહારની વસ્તુ તો દૂર રહો પણ શુભરાગ ઊઠે છે તે પણ તારી વસ્તુ નથી. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. પૂર્ણાનંદના નાથની દ્રષ્ટિ કરવી તે બધા કથનનું તાત્પર્ય છે.

ઉપવાસ એટલે ચૈતન્યધાતુની સમીપમાં વસવું તે. આત્માના ભાન વિના શુભરાગથી ઉપવાસ કરે તે પુણ્યબંધનું કારણ છે. પુણ્ય કરીને દેવલોકમાં જાય અને ત્યાંથી તે દેવ એકેન્દ્રિય આદિ પર્યાયમાં અવતરે છે. આત્માના ભાન વિના એકલી શુભરાગની ક્રિયાથી ભવનો અંત આવતો નથી.

‘હે અંધ–પ્રાણી!’ –એમ કહેવામાં પણ આચાર્યદેવને ઘણી કરુણા છે. જેમ કોઈ પુણ્યવંત મોટો પુરુષ રાજા આદિ વિષ્ટા મલિન સ્થાનમાં સૂતો હોય તેને કોઈ આવીને જગાડે અને સંબોધન કરે કે ભાઈ! તમારી સૂવાની જગ્યા આ નથી. તમારી

સૂવાની જગ્યા તો સુવર્ણમય ધાતુની બનેલી, અતિ મજબૂત છે. તમે તો રાજભવનમાં રહેવાને યોગ્ય છો. આવા મલિન સ્થાનમાં તમારે મોટા–પુરુષોએ ન સુવાય. ચાલો હું તમને તમારું સ્થાન બતાવું. ત્યાં શયન કરીને સુખી થાવ.

તેવી રીતે આ અજ્ઞાની પ્રાણીઓ અનાદિકાળથી, પુણ્ય–પાપને ભલા જાણીને, તેને જ પોતાનું સ્વરૂપ જાણીને, હિંસા, જુઠું, ચોરી, વિષય–કષાય આદિ અશુભ તેમજ દયા–દાન–પૂજા–ભક્તિ આદિ શુભ રાગમાં નિશ્ચિંત થઈને સૂતા છે. શુભાશુભ ભાવો તો મલિન અને દુઃખરૂપ છે છતાં મોહથી તેમાં જ સુખ માનીને મસ્ત થઈને પડયા છે. તેને આચાર્ય ભગવાન સંબોધન કરીને જાગૃત કરે છે. માતા બાળકને સૂવાડવા માટે હાલરડા ગાય છે. અહીં આચાર્ય ભગવાન, અનાદિથી મોહનિદ્રામાં સૂતેલા જીવોને તેનું સ્વરૂપ બતાવીને જાગૃત કરી રહ્યાં છે કે હે જીવો! તમે જાગો, જાગો, જ્યાં તમે મોહનિંદ્રાથી સૂતા છો તે તમારું પદ નથી, તમે તો શુદ્ધ–ચૈતન્યધાતુ છો માટે તમે તેની તરફ આવો, આવો આમ કહીને આચાર્યદેવે અત્યંત કરુણાપૂર્વક જીવોને સ્વરૂપ તરફ વળવાનું સંબોધન કર્યું છે.

પ્રશ્નઃ– દ્રષ્ટાંતમાં મહાન પુરુષ કેમ કહ્યો છે?

ઉત્તરઃ– મહાન પુરુષ એટલે પુણ્યવંત પ્રાણી છે અને પોતાને યોગ્ય નહીં એવા સ્થાનમાં પડયો છે. તેમ દરેક આત્માઓ સ્વભાવે મહાન છે. મહાન હોવા છતાં, રાગાદિ મલિન ભાવ જે ચૈતન્ય ભગવાનને માટે અયોગ્ય અને અશોભનીક છે, છતાં મોહ–નિદ્રાને લઈને રાગાદિ મલિન સ્થાનમાં તે સૂતેલા છે, તોપણ દ્રવ્ય–સ્વભાવે તો બધા આત્માઓ મહાન છે માટે દ્રષ્ટાંતમાં પણ મહાન પુરુષ લીધો છે.

મલિન સ્થાનમાં સૂવુ તે મોટા માણસને ન શોભે, તેમ દયા–દાન–પૂજા–ભક્તિ આદિના શુભ રાગમાં મારું માનીને, ભલું માનીને જે સૂતો છે તેને સંતો પોકારી પોકરીને કરુણાપૂર્વક સંબોધન કરે છે કે હે જીવો! અશુભ કે શુભ ભાવ તમારું પદ નથી. શુભ રાગના પ્રેમમાં વ્યભિચારી થઈને તમે આ શું કહી રહ્યાં છો! સંસારના વિષય–કષાયના અશુભરાગની વાત તો દૂર રહો, એ તો તમારું પદ નથી જ પણ શુભરાગની વૃત્તિ જે ઊઠે છે તે પણ તમારું પદ નથી. રાગની પાછળ આનંદનો સાગર મોટો પ્રભુ બિરાજે છે તેની તરફ તમે જુઓ, જુઓ.

ચામડા ઉતરડીને ખાર છાંટે તોપણ આંખનો ખૂણો લાલ ન કરે. પણ તે તો શુભરાગ છે. તે શુભરાગ પણ પૂર્વે અનંતીવાર કર્યો પણ સંસારનો અંત ન આવ્યો. ભાઈ! આનંદઘન પ્રભુથી વિરુધ્ધ વિકલ્પમાં તું લાભ માને તે તને શોભતું નથી. ભગવાન

તો એમ ફરમાવે છે કે અમે પણ તારા માટે પરદ્રવ્ય છીએ, અમારા તરફની વૃત્તિ તને ઊઠે તે પણ દુર્ગતિ છે. એમાં ચૈતન્યની ગતિ નથી. પ્રભુ! તારા સ્વદ્રવ્ય સિવાઈ જે કોઈ પરદ્રવ્યનું તું લક્ષ કરે તેમાં તારી દુર્ગતિ છે. ભલે તેનાથી તને સ્વર્ગ મળે પણ તે દુર્ગતિ છે, તેમાં ચૈતન્યની ગતિ નથી. પ્રભુ! તારા ચૈતન્ય સિવાઈ જે કાંઈ પર દ્રવ્યનું લક્ષ જાય તે દુર્ગતિ છે. (અહીં દુર્ગતિનો અર્થ નરક–નિગોદ જ ન કરવો પરંતુ સ્વભાવદ્રષ્ટિમાં ચારે ગતિ તે દુર્ગતિ છે તેમાં ચૈતન્યની ગતિ નથી. તેથી સ્વભાવ દ્રષ્ટિએ મનુષ્ય અને દેવ પણ દુર્ગતિ છે તેમ સમજવું.)

પ્રશ્નઃ– અમારે કરવું શું?

ઉત્તરઃ– આ સ્વરૂપ અંદર છે તેનું લક્ષ કરવું તે કરવાનું છે. અંદર મોટો ભગવાન આનંદનો સાગર બિરાજે છે તેનું લક્ષ કરવું. શુભરાગ તો ઝેરના પ્યાલા છે તેમાં જે સુતો છે તે મરી ગયો છે.

કેવળીઓનો અને સંતોનો આ પોકાર છે. ધ્રુવ નિત્યાનંદ ચૈતન્યધાતુ એ તારું પદ છે ત્યાં જા, તે કરવાનું છે. પરદ્રવ્યના કામ તો જ્ઞાની–અજ્ઞાની કોઈ કરી શકતા નથી. પણ રાગ કરે છે તે પણ તારું સ્વરૂપ નથી તે પણ અપદ છે, તેમ આચાર્યદેવ ફરમાવી રહ્યાં છે.

મહિના–મહિનાના બબ્બે મહિનાના ઉપવાસ કરે તે પણ રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે તેમાં તું તારું ભલું માને છે તે જ મોટી ભૂલ છે. એ રાગની વૃત્તિ તારું સ્વરૂપ નથી. તે પણ અપદ છે. તારું પદ તો શુદ્ધ ચૈતન્યધાતુમય છે, અતીન્દ્રિય આનંદમય છે. ત્યાં નજર કર અને ત્યાં જા.

અહો! જેણે પોતાને પામર માન્યો છે તેને પ્રભુતા કેમ બેસે! ભાઈ! તારે સુખ જોઈતું હોય તો તું અંદરમાં જા. અંદરમાં સુખની ખાણ છે. રાગ તો દુઃખની ખાણ છે. અરેરે! દુઃખમાં તુ હરખાય છે અને સુખરૂપ પોતાની વસ્તુ છે તેની સામું પણ જોતો નથી. એ તને શોભતું નથી.

દુષ્કાળ પાર પાડવા માટે મોટા શેઠીયાનો આશ્રય લ્યે છે, રાજાનો આશ્રય લ્યે છે. તેમ ચોરાશીના અવતારમાં સુખનો દુષ્કાળ વર્તે છે, માટે તે દુઃખથી છૂટવા અંદરમાં શુદ્ધ ચૈતન્યધાતુમય મોટો ભગવાન બિરાજે તેનો આશ્રય લે, તેનું શરણ લે. આ વાત વીતરાગ સિવાય બીજે ક્યાંય નથી. વીતરાગ તો શુભાશુભ ભાવરૂપી મલિન સ્થાનથી જીવને છોડાવીને, શુદ્ધ ચૈતન્યધાતુમય પવિત્ર વીતરાગસ્વભાવ તરફ લઈ જાય છે. આ રીતે શુભાશુભ ભાવોને અપદભૂત સમજીને શુદ્ધાત્મા તરફ વળવું તે આ શ્લોકનું તાત્પર્ય છે.

સંવર-અધિકારનું અમૃત ઝરણું:

# રાગમાં એકતા તે સંસાર રાગથી ભેદ-વિજ્ઞાન તે મુક્તિ

**સંવર-અધિકારની આ છેલ્લી ગાથાઓમાં આચાર્યદેવે સંસારનાં અને મુક્તિના કારણોને બહુ સંક્ષેપમાં કહી દીધા છે. રાગમાં એકતાબુદ્ધિ તે સંસારનું મૂળ છે. રાગ શુભ હો કે અશુભ, કોઈપણ પ્રકારના રાગમાં એકતાબુદ્ધિ કરવી તે-મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગરૂપ સંસારનું મૂળ છે અને રાગથી ભેદ-વિજ્ઞાન કરવું તે મોક્ષનું મૂળ છે.**

**( સમયસાર ગાથા ૧૯૦-૧૯૨ તથા કળશ ૧૩૦-૧૩૧ ઉપરના પૂ. ગુરુદેવશ્રીના તા. ૧૩-૧૨-૭૬ થી ૧૫-૧૨-૭૬ સુધીના પ્રવચનોનો ટૂંક સાર )**

જીવ રાગમાં એકતા કરે અથવા આત્મામાં એકતા કરે, બસ આ એક જ વાત સંવર–અધિકારમાં બતાવવામાં આવી છે.

જેને એક સમયમાં ત્રણ કાળ લોક જણાયા એવા સર્વજ્ઞ ભગવાનનું આ ફરમાન છે કે વિષય–કષાયના અશુભરાગમાં કે દયા–દાન આદિના શુભરાગમાં જેને એકતા બુદ્ધિ છે તે એકતાબદ્ધિ જ નવા આસ્રવનું કારણ છે. અને ભેદ વિજ્ઞાન વડે સમસ્ત રાગભાવોમાંથી જેને એકતા બુદ્ધિ છૂટીને ભેદ વિજ્ઞાન થયું એ ભેદ વિજ્ઞાન જ સંવરનું કારણ છે.

જેનાથી જુદું પડવું છે તેને સાથમાં રાખીને ભેદજ્ઞાન કેમ થાય? રાગમાં એકતા બુદ્ધિ એ જ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગરૂપ અધ્યવસાનનું મૂળ છે. રાગમાં એકતા બુદ્ધિ છે તેને શુભાશુભ સાથે પણ એકતા બુદ્ધિ છે.

શુભરાગ હો, પણ તેનાથી ભિન્ન પડીને આત્મામાં એકતા કરવી તે ધર્મ છે અને રાગથી અભિન્નતા કરવી તે અધર્મ છે. શુભરાગને અશુભની અપેક્ષાએ શુભભાવ

કહેવામાં આવેલ છે. સ્વભાવની અપેક્ષાએ તો શુભરાગ પણ સ્વભાવનો ઘાતક હોવાથી અશુભ છે.

રાગની એકતા આસ્રવનું કારણ છે; આસ્રવ કર્મનું કારણ છે, કર્મ શરીરનું કારણ છે. આથી રાગમાં એકતા બુદ્ધિવાળાને ફરી ફરીને શરીર જ મળ્યા કરશે અને રાગથી ભિન્ન બુદ્ધિવાળાને કર્મ આવતું અટકી જાય છે. તેથી નોકર્મ અર્થાત્ શરીર પણ નહિ મળે. માટે રાગથી ભિન્ન બુદ્ધિવાળાને મુક્તિ મળે છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો આ હુકમ છે; એમનું આ ફરમાન છે. સંતો આડતીયા થઈને એની વાત કરે છે. રાગથી પોતાને ભિન્ન માનનારને મોક્ષ મળશે અને રાગમાં એકતા કરનારને આસ્રવ થશે. મિથ્યાત્વ શું અને ભેદજ્ઞાન શું તેની થોડા શબ્દોમાં અહીં વાત કરી છે.

હું રાગમય છું તેમ માને છે તેથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ છું એમ તે માને છે. બીજાને પોતાનું માનતાં જીવની પરિણતિ બગડે છે. દયા–દાન –ભક્તિ પૂજાનો શુભ રાગ ભલે હો, પણ તેમાં એકતા બુદ્ધિ છે તે આસ્રવનું કારણ છે. અને તેનાથી ભેદ પાડવો તે સંવરનું કારણ છે.

સર્વજ્ઞ વીતરાગ આપ્ત પુરુષ છે, મુનિઓ પણ આપ્ત છે, અને સમકિતિ પણ આપ્ત છે, તેની વાણી પણ પ્રમાણભૂત છે.

જીવ જેને પોતાના માને તેની ભાવના કરે છે. રાગને પોતાનો માનનાર તેની ભાવના કરે છે, તેની વૃદ્ધિ ચાહે છે. આ રીતે રાગને પોતાનો માનનારને આસ્રવની જ ભાવના રહે છે. ભાઈ! રાગની એકતા બુદ્ધિ ભવના ઊંડા કુવામાં ઉતારશે, તને ભવસિંધુમાં ડૂબાડશે, માટે રાગમાંથી એકતા બુદ્ધિ છોડ.

દ્રવ્યો તો બધા આત્મા સાધર્મી છે અને પર્યાયમાં ફેર હોય તોય કોઈ જીવો પ્રતિ દ્વેષ ન હોય. કહ્યું છે ને કે જગતમાં ચૈતન્યદ્રવ્ય ઉપાદેય છે. બધા આત્માઓને ઉપાદેય કહ્યાં, પછી પંચ–પરમેષ્ઠી ભગવંતોને ઉપાદેય કહ્યાં, પછી અરિહંત તથા સિદ્ધ ભગવંતોને ઉપાદેય કહ્યાં, છેવટે કહ્યું કે પોતાનો નિજ–શુદ્ધાત્મા એ જ ઉપાદેય છે.

દરિયામાં ઊંડે જાય એને મોતી મળે તેમ આત્માની પર્યાય ઊંડે પોતાના દ્રવ્ય ઉપર જાય એને પોતાનો ભગવાન મળે છે. ભાઈ! તારી ચીજ છે તે મુક્ત સ્વરૂપ જ છે, અબદ્ધ–સ્પૃષ્ટ સ્વરૂપ છે. જે જીવ આવા અબદ્ધ–સ્પૃષ્ટરૂપ પોતાના આત્માને દેખે છે તેણે સમસ્ત જિનશાસનને દેખી લીધું છે, જાણી લીધું છે રાગ તે જિનશાસન નથી.

વીતરાગ ભાવ તે જિનશાસન છે. વીતરાગ ભાવ વડે જેણે આત્માને જોયો તેણે સમસ્ત જિનશાસનને જાણી લીધું, આ રીતે સર્વત્ર રાગથી ભિન્નતાની જ વાત સિદ્ધ થાય છે.

રાગથી ભિન્નતા થવી તે સાક્ષાત્ સંવર છે. સ્વના આશ્રય વિના અને પરથી ભિન્ન પડયા વિના ધર્મ અર્થાત્ સંવર થતો નથી. પુણ્ય–પાપના પરિણામોનું રોકાવું અને સ્વભાવ તરફ ઝુકવું તેનું નામ સંવર છે. શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી આ સંવર થાય છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ રાગ છે. તે રાગથી ભિન્ન પડયા વિના સંવર થતો નથી. રાગ રહિતપણું બતાવવા અહીં સાક્ષાત્ શબ્દ કહેલ છે. રાગથી ભિન્ન પડીને શુદ્ધાત્માનો અનુભવ કરવો તે સંવર છે. શુદ્ધાત્માની પ્રાપ્તિથી નિશ્ચય, યથાર્થ, વાસ્તવિક, પ્રત્યક્ષ, સાક્ષાત્ સંવર થાય છે.

ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. રાગથી ભિન્ન પડીને પર્યાયમાં વીતરાગપણું પ્રગટ કરવું તે તાત્પર્ય છે. વ્રત કરવા, પૂજા કરવી, યાત્રા કરવી આદિ શુભરાગની ક્રિયા છે. અહીં કહે છે કે તે શુભરાગની કોઈ ક્રિયા ધર્મ નથી, સંવર નથી. ધર્મ કહો કે સંવર કહો, તે શુદ્ધ આત્માના અવલંબનથી જ પ્રગટ થાય છે. રાગની પ્રવૃત્તિ એ જ પ્રવૃત્તિ છે, બહારની પ્રવૃત્તિ જીવ કરી શકતો નથી. રાગની પ્રવૃત્તિથી નિવૃત્ત થવું અને શુદ્ધ આત્મામાં પ્રવૃત્તિ કરવી તે સંવર છે.

અહો! આચાર્યદેવે અમૃત રેડયા છે. આ તો ભગવાનની વાણી પીરસાય છે. કલાકની બબ્બે કરોડની પેદાશ થાય એ તો પુદ્‌ગલ છે. અહીં તો ચૈતન્યમાં એકાગ્ર થતાં આનંદની પેદાશ થાય છે. અહીં પરમાગમ મંદિરમાં પાંચ પરમાગમ, બે આચાર્ય, એક મુનિરાજ અને નવમાં શ્રી મહાવીર ભગવાન ઉપર બિરાજે છે. નવનો આંકડો અફર છે. તેમ સંતોની વાત પણ અફર છે.

## ભેદ-વિજ્ઞાનનો મહિમા

શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ ભેદ–વિજ્ઞાનથી થાય છે. રાગથી ભિન્ન શુદ્ધ આત્મા ભેદ–વિજ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય છે. પણ વ્યવહારરત્નત્રય વડે તેની પ્રાપ્તિ થતી નથી. માટે ભેદ–વિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે. એ જ કરવા યોગ્ય છે. ભેદ–વિજ્ઞાનથી આત્માનો આસ્વાદ કરવા લાયક છે. સંસારના ભોગ–વિલાસમાં તો રાગનો સ્વાદ આવે છે. પર પદાર્થનો આસ્વાદ થઈ શકતો નથી. ભેદ–વિજ્ઞાનથી આત્માના આનંદનો સ્વાદ લેવો એ જ કરવા લાયક છે.

[ અનુસંધાન પાનું ૨૫ ]

# "સમ્યક્-દર્શનનો પ્રતાપ : સમકિતીને મરણ પણ ભલું"

**હે જીવ ! પૂર્ણ પરમાત્મસ્વરૂપ આત્માની અનુભૂતિ પૂર્વક રુચિ થવી તે નિર્મળ સમ્યક્ત્વ છે, તે સમ્યક્ત્વ સહિત મરણ પણ સારું છે. પરંતુ જે દયા-દાન આદિ એકલી પુણ્યની ક્રિયામાં મશગુલ છે ને ભગવાન આત્માની દૃષ્ટિનો અભાવ છે એવા મિથ્યાત્વ સહિત પુણ્ય પણ ભલું નથી. એમ કહીને સમ્યગ્દર્શનનો મહિમા બતાવીને સંતો અજ્ઞાની જીવોને ધર્મ સન્મુખ થવા માટે જાગૃત કરે છે.**

**તા. ૨૧-૧૧-૭૬ શ્રી પરમાત્મપ્રકાશ-દ્વિતીય અધિકારની ગાથા ૫૮ના પ્રવચનમાંથી**

નિર્મળ સમ્યક્ત્વધારી જીવોને મરણ પણ સુખકારી છે. જે પ્રાણીને આત્મદર્શન છે, આત્મા પૂર્ણાનંદ છે તેનો અનુભવ થઈને જે રુચિ થાય તેનું નામ સમ્યગ્દર્શન છે, એવા સમ્યગ્દર્શન સહિત જીવ મરણ પણ પામે તો તેનું મરણ પણ ભલું છે. પરંતુ સમ્યગ્દર્શન વિના પુણ્ય પણ ભલું નથી, કેમકે સમ્યગ્દર્શન વિનાના તે પુણ્યથી કદાચિત્ રાજ્યલક્ષ્મી આદિ મળશે પણ પછી નરકાદિમાં જશે.

ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિથી ભરેલી વસ્તુ છે, તેનું ભાવભાસન થવું જોઈએ, આવી વસ્તુ પોતે છે તેમ ભાવભાસનજ્ઞાન થવું જોઈએ. એવા સમ્યગ્દર્શન–જ્ઞાન સહિત મરણ પણ સારું છે. કેમકે મરીને સ્વર્ગે જઈને મનુષ્ય થઈને મોક્ષે જશે. પરંતુ જેને સમ્યગ્દર્શનનો અભાવ છે તે જીવ પુણ્ય પણ કરે, દયા–દાન–પૂજા–ભક્તિ આદિ કરે તોપણ તે સારા નથી.

તો શું કરવું ? –કે તારી સન્મુખ થઈને આત્મ–અનુભૂતિ કરવી, તે કરવા જેવું છે. તે અઘરું નથી, પણ તેં અઘરું માની રાખ્યું છે. આત્મા ચૈતન્યસ્વરૂપ છે તેની સન્મુખ થઈને તેનો વિશ્વાસ કરવો તે કાંઈ અઘરું નથી, પુરુષાર્થ તો તારો સ્વભાવ છે.

ભગવાન આત્મા પૂર્ણાનંદ ચૈતન્ય મહાપ્રભુ અતીન્દ્રિય આનંદનો મહાકંદ છે. જેમ શકરકંદની ઉપરની લાલ છાલ સિવાય દેખો તો મીઠાશનો કંદ છે, તેમ આત્માની પર્યાયમાં જે દયા–દાન આદિ ભાવ થાય તે ઉપરની છાલ સમાન છે, તેની પાછળ મીઠાશનો અતીન્દ્રિય આનંદનો સાગર છે, અતીન્દ્રિય અનંત આનંદને અતીન્દ્રિય અનંત જ્ઞાન સ્વરૂપનું અંતરમાં ભાન થતાં પછી ભલે દેહ છૂટી જાય, તોપણ તે મરણ ભલું છે.

પરંતુ સમ્યગ્દર્શન વિના કદાચિત્ બહારમાં બહુ ધન–ધાન્ય આદિ હોય અને ખૂબ દયા–દાન આદિ કરતો હોય તોપણ તે સારા નથી. મિથ્યાદ્રષ્ટિ ભલે પુણ્ય કરે તોપણ તે ભલા નથી કેમ કે તેના ફળમાં સ્વર્ગ કે રાજ્ય આદિ વૈભવ મળશે તેમાં આસક્તિ કરીને નરકાદિમાં જશે. માટે સંતોએ કરુણા કરીને કહ્યું છે કે બીજું બધું કરવું છોડીને પ્રથમ આત્મહિત કરી લે, ધ્યાનનો વિષય તારા નિજ આત્માને બનાવ.

સમ્યગ્દર્શન વિના વ્રત–ભક્તિ કરે કે લાખો રૂપિયાના દાન કરે કે ધર્મશાળા બંધાવે પણ તે બધું પુણ્ય છે; પરંતુ સમ્યગ્દર્શન વિનાના એકલા પુણ્યથી વૈભવ મળશે. અબજો રૂપિયા દિવસના પેદા કરતો હોય, તોપણ શું? સમ્યગ્દર્શન વિના તેનાથી તેને મદ ચઢશે. કેમકે સ્વભાવનું અધિકપણું પામ્યો નથી તેથી પૈસાદિમાં અધિકપણું ભાસવાથી મદ ચઢશે, મદથી મતિભ્રમ થશે ને મતિભ્રમથી પાપ કરશે. માટે આચાર્યદેવ કહે છે કે એ પુણ્ય અમને ન હજો.

એક સમયની પર્યાયમાં અલ્પજ્ઞતા હોવા છતાં વસ્તુ પરિપૂર્ણ જ્ઞાયક છે. તેની અનુભૂતિ વિના એ પુણ્ય અમને ન હજો, સમ્યગ્દર્શન વિના અમને તે પુણ્ય ન હજો, કેમકે સમ્યગ્દર્શન વિના અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો ને પાછો નરક નિગોદમાં રખડયો. જેને આત્મદર્શન નથી, વસ્તુ શું ચીજ છે તેની ખબર નથી ને પૂજા–ભક્તિ આદિ કરે છે તેને પુણ્યના ફળમાં વિભૂતિ મળશે. પણ પછી નરકાદિમાં રખડશે, જ્ઞાનીને આત્મામાં આદરબુદ્ધિ છે છતાં વચ્ચે પુણ્ય આવે છે ખરા, પણ હેયબુદ્ધિથી આવે છે, તેથી તેના ફળમાં જે સંયોગ મળશે તેમાં પણ તેને આદર–બુદ્ધિ નહિ થાય. તેથી એકાદ ભવમાં મોક્ષે જાય છે. આવો સમ્યગ્દર્શનનો મહિમા અને મિથ્યાદર્શનનું હલકાપણું છે. તેમ જાણી આત્મસન્મુખ થવાનું કહે છે.

સમ્યગ્દર્શન કોને કહેવું? –કે પવિત્ર નિર્દોષ નિજ પરમાત્માની અનુભૂતિની રુચિને સમ્યગ્દર્શન કહે છે. કેવો છે નિજ આત્મા? –કે નિર્દોષ પરમાત્મા છે જેમાં પુણ્ય–પાપના દોષ નથી એવો પરમ સ્વરૂપ પરમાત્મા છે. એવી જે વસ્તુ છે તેની રુચિરૂપ વીતરાગી સમકિતને પામેલો જીવ જો મરણ પણ પામે તોપણ દોષ નથી, કેમ કે ત્યાંથી સ્વર્ગમાં જઈને મનુષ્ય થઈને મોક્ષે જશે.

શ્રેણિક રાજા ક્ષાયિક સમ્યગ્દર્શન સહિત હતા અને શુભ વિકલ્પમાં તીર્થંકર ગોત્ર પણ બાંધ્યું, છતાં તે પહેલાં જે નરકની ગતિ બંધાઈ ગઈ હતી તેથી નરકમાં ગયા. ૩૩ સાગરની નરકની આયુષ્યની સ્થિતિ ઘટાડીને ૮૪ હજાર વર્ષની સ્થિતિએ નરકમાં ગયા. પણ ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. જેનો જન્મ થતાં ત્રણ લોકના સમસ્ત જીવોને ક્ષણ પૂરતી શાતા થશે, એવો એ સમ્યગ્દર્શનનો મહિમા છે. હજુ રાગ છે છતાં જન્મ થતાં ત્રણ લોકમાં ખળભળાટને શાતા થઈ જાય છે. એવો જ એ સમ્યગ્દર્શન સહિતના પુણ્યનો પ્રતાપ છે. માટે સમ્યગ્દર્શન સહિત મરણ થાય તોપણ દોષ નથી.

જેની શ્રદ્ધા જ વિપરીત છે કે વ્રત-તપ કરતા કરતા નિર્જરા થાય, પુણ્ય કરતા કરતા ધર્મ થાય-તે મિથ્યાશ્રદ્ધા છે, એવા મિથ્યાત્વના પ્રતાપે ૮૪ લાખ યોનિમાં અનંતવાર જીવ ઊપજ્યો છે. અત્યારે તિર્યંચ હોય પણ સમકિત સહિત છે તો મરીને સ્વર્ગે જઈને મનુષ્ય થઈને મોક્ષે જશે, અને મિથ્યાદૃષ્ટિ રાજા હોય પણ ભોગની મૂર્ચ્છામાં, પુણ્યની મીઠાશમાં, મરીને ક્રમશઃ નરકાદિમાં જશે, મિથ્યાત્વનો એવો પ્રભાવ છે!

સમ્યગ્દર્શન રહિત મિથ્યાદૃષ્ટિ પુણ્ય સહિત છે તોપણ તે પાપી છે. પાંદડા તોડેને મૂળ સાજા રાખે તેની જેમ મિથ્યાદૃષ્ટિ વ્રત-તપાદિ કરે પણ સંસારનું મૂળ એવા મિથ્યાત્વને સાજુ રાખે છે તેથી સંસારમાં ભ્રમણ કરે છે, તેથી મિથ્યાદૃષ્ટિ જીવ પુણ્ય સહિત છે તોપણ પાપી જ છે. શ્રી ગોમ્મટસારમાં મિથ્યાદૃષ્ટિને અશુભભાવ જ કહ્યો છે, શુભભાવ કહ્યો નથી, સમ્યગ્દૃષ્ટિને જ શુભભાવ કહ્યો છે.

જે જીવ સમ્યગ્દર્શન સહિત છે પણ વર્તમાનમાં ગરીબ હોય, બહારમાં પ્રતિકૂળતાનો પાર ન હોય, રોગીષ્ટ શરીર હોય, સ્ત્રી મળે નહીં, સેવા કરનાર નોકરાદિ હોય નહીં પણ તે પુણ્યનો અધિકારી છે. મરીને સ્વર્ગમાં જશે. મિથ્યાદૃષ્ટિ વર્તમાનમાં ભલે કરોડપતિ દેખાતો હોય તે સમ્યગ્દૃષ્ટિને વર્તમાનમાં ભલે રહેવા માટે ઝૂંપડી જ હોય પણ તે પુણ્યનો અધિકારી છે અને કરોડપતિ દેખાતો મિથ્યાદૃષ્ટિ પાપનો અધિકારી છે.

તેથી જે સમકિતી છે તેનું મરવું પણ ભલુ છે, કેમ કે જે સમ્યગ્દૃષ્ટિ છે તે મરીને ઉપર જ જશે. સમ્યગ્દૃષ્ટિ મરીને મનુષ્ય ન થાય, સ્વર્ગમાં જાય (-સમ્યગ્દર્શન પહેલાં આયુષ્ય બંધાયું ન હોય તો). સમકિતી દેવ મરીને મનુષ્ય જ થાય. આ બધો સમ્યગ્દર્શનનો પ્રતાપ છે. માટે સમકિતી વર્તમાનમાં દરિદ્ર હોય, વાંઢો હોય, કાણો હોય, બહેરો હોય છતાં તે મરીને મોટો દેવ થશે.

જે સમકિત રહિત છે તેનું પૂર્વનું પુણ્ય અને વર્તમાન શુભભાવ પણ પ્રશંસનીય નથી. તે મરીને પુણ્યના ઉદયથી હલકો દેવ તથા હલકા માણસમાં ઉપજશે અને સંસાર-

વનમાં ભટકશે. અહીં પુણ્યના ફળને ભોગવે, અબજોપતિ થાય પણ સમકિત રહિત હોવાથી મરીને નરક નિગોદમાં જશે. અને સંસારમાં જ રખડશે.

અનંતભાવ આમને આમ ગાળ્યા છતાં બહારમાં જ્યાં અનુકૂળતા મળે, કરોડપતિની દિકરી પત્ની બને કે દેખાવડું શરીર મળે ત્યાં તો તેમાં આકર્ષાઈ જાય છે કે જાણે હું તો શુંયે છું! –પણ જ્ઞાની કહે છે કે તું તો પાપી છો.

સમ્યગ્દ્રષ્ટિની બુદ્ધિ ભગવાન આત્મામાં છે, મિથ્યાદ્રષ્ટિની સુખબુદ્ધિ પુણ્યમાં છે. અજ્ઞાની પુણ્યને ઉપાદેય માને છે તેથી તેને આત્મા હેય થઈ જાય છે. દયા–દાન–વ્રત –ભક્તિ આદિ શુભભાવને અજ્ઞાની ઉપાદેય માને છે માટે તેને આત્મા હેય થઈ જાય છે. અને જે આત્માને ઉપાદેય માને છે તેને શુભભાવ હેય થઈ જાય છે. આવી વાત છે! દુનિયા સાથે મેળ ખાય તેવું નથી.

નરનો નારાયણ થવાની આત્મામાં તાકાત છે, જનનો જિન થવાની આત્મામાં તાકાત છે. જન છે તે નરક ને નિગોદને લાયક નથી પણ જિન થવાને લાયક છે. પણ પર્યાયમાં મિથ્યાત્વ ઊભું કરીને નરક ને નિગોદમાં જાય છે. વસ્તુ જિનસ્વરૂપ જ છે તેથી જન છે તે જિન થવાને લાયક છે.

યોગસારમાં પણ કહ્યું છે કે સમકિત સહિત નરકમાં રહેવું પણ સારું છે પરંતુ સમકિત વિના સ્વર્ગમાં રહેવું પણ સારું નથી, આમ સમ્યગ્દર્શનનો અપાર મહિમા છે.

## * શાસ્ત્ર તાત્પર્ય *

**શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે.** **(પૂ. ગુરુદેવ)**

# જ્ઞા... ન... ગો... ષ્ઠી

* અજ્ઞાની કહે છે કે ઉપાદાનમાં યોગ્યતા અનેક પ્રકારની છે પણ જેવું નિમિત્ત આવે તેવું ઉપાદાનમાં કાર્ય થાય. જેમ પાણી છે તેમાં યોગ્યતા અનેક પ્રકારની છે. પાણીમાં સાકર નાખે તો મીઠું પાણી થાય, લીંબુ નાખે તો ખાટું થાય, મરચું નાખે તો તીખું થાય, મીઠું ( લવણ ) નાખે તો ખારૂં થાય. જેવું નિમિત્ત આવે તેવું પાણી થાય તેમ નિમિત્તાધીન દ્રષ્ટિવાળાને દેખાય છે પણ તે વાત સાચી નથી. પાણીના રજકણો અનેક પ્રકારે પરિણમવાની યોગ્યતાવાળા છે તેને જ્યારે મીઠા–ખાટા –તીખા–ખારા આદિ રસરૂપે પરિણમવાની યોગ્યતાનો સ્વકાળ હોય છે ત્યારે તે રૂપે સ્વયં પોતાના જન્મક્ષણથી પરિણમે છે અને ત્યારે તેને યોગ્ય બાહ્ય નિમિત્તની હાજરી સહજ હોય છે. બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે તેમ ઇષ્ટોપદેશમાં પૂજ્યપાદ આચાર્યે કહ્યું છે. ઇષ્ટ ઉપદેશ એનું નામ છે કે ઉપાદાન પોતાની શક્તિથી જ પરિણમે છે, નિમિત્તથી પરિણમતું નથી. નિમિત્ત હાજર માત્ર છે. પાણી અગ્નિથી ઉષ્ણ થતું નથી, ધજા પવનથી ચાલતી નથી, ચોખા પાણીથી ચડતા નથી. દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર છે. નિમિત્ત ધર્માસ્તિકાયવત્ છે. તેને ઇષ્ટ ઉપદેશ કહે છે. જેવું નિમિત્ત આવે તેવું ઉપાદાનમાં કાર્ય થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. માટીમાંથી કુંભારને ઘડો કરવો હોય તો ઘડો થાય ને કોડીયું કરવું હોય તો કોડીયું થાય એમ બને જ નહિ. ઘડો થવાનો કાળ હોય તો ઘડો જ થાય ને કોડીયું થવાનો કાળ હોય ત્યારે કોડીયું જ થાય અને તે કાર્યકાળે નિમિત્ત તેને અનુકૂળ જ હોય પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી.

* એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવા સર્વજ્ઞ જેને બેસે છે તેની દ્રષ્ટિ પોતાના સર્વજ્ઞ સ્વભાવ ઉપર જાય છે ત્યારે જ તેને સર્વજ્ઞ યથાર્થપણે બેઠા છે. એ સર્વજ્ઞે જેમ જાણ્યું છે તેમ જ જગતનું પરિણમન થાય છે. અક્રમ એટલે કે આડું અવળું પરિણમન થાય ને સર્વજ્ઞ આડુંઅવળું જાણે એવો જ્ઞેય કે જ્ઞાનનો સ્વભાવ નથી, તેથી વસ્તુનું પરિણમન ક્રમબદ્ધ જ છે તેમ સિદ્ધ થાય છે. ક્રમબદ્ધનું પ્રયોજન દ્રવ્ય તરફ લક્ષ જવું તે છે, વીતરાગતા થવી તે ક્રમબદ્ધનું તાત્પર્ય છે.

* સર્વજ્ઞ જગતમાં છે એ તો પર સર્વજ્ઞ છે, એ યથાર્થ ક્યારે બેસે કે એની દ્રષ્ટિ

પોતાના સર્વજ્ઞ સ્વભાવ ઉપર જાય છે ત્યારે તેને સર્વજ્ઞ યથાર્થપણે બેઠા છે. આવી દ્રષ્ટિમાં અનંત પુરુષાર્થ આવે છે. અલ્પજ્ઞદશામાં સર્વજ્ઞને માનવા એ અલ્પજ્ઞદશાના આશ્રયે ન થઈ શકે. અલ્પજ્ઞ પર્યાય સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે જ સર્વજ્ઞતાનો નિર્ણય કરી શકે છે.

* આ બાર અંગનું દોહન છેઃ પરદ્રવ્યથી તો પોતાની પર્યાય થતી નથી પણ પોતાના દ્રવ્યથી પર્યાય થઈ તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય પર્યાયની યોગ્યતાથી સ્વકાળે થાય છે એ નિશ્ચય છે. સમયગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ થયો માટે મિથ્યાત્વકર્મનો નાશ થયો તેમ તો છે જ નહીં પણ સમ્યગ્દર્શનનો ઉત્પાદ થયો માટે મિથ્યાત્વભાવનો વ્યય થયો તેમ પણ નથી. સમ્યગ્દર્શન પર્યાયનો ઉત્પાદ સ્વતંત્ર થયો છે, મિથ્યાત્વભાવની પર્યાયનો વ્યય પણ સ્વતંત્ર થયો છે. કેવળજ્ઞાન પર્યાયનો ઉત્પાદ થયો તે કેવળજ્ઞાનાવરણીનો અભાવ થયો માટે તો નહિ, પણ પોતાના દ્રવ્યના કારણે કેવળજ્ઞાન પર્યાયનો ઉત્પાદ થયો તેમ પણ નથી. પર્યાયનો પર્યાયના ષટ્કારકથી સ્વતંત્ર ઉત્પાદ થયો છે. અહીં તો પર્યાયનો દાતા દ્રવ્ય નથી તેમ કહેવું છે. દ્રવ્ય ઉપર લક્ષ ગયું છે તે પર્યાયના સામર્થ્યથી દ્રવ્ય ઉપર જાય છે, દ્રવ્યના કારણથી નહિ. સમ્યગ્દર્શનની પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે એ પર્યાયનું સામર્થ્ય છે.

* નિમિત્તાધીન દ્રષ્ટિવાળાને નિમિત્ત વિના ઉપાદાનમાં કાર્ય ન થાય તેમ લાગે છે, પણ નિમિત્તથી તો કાર્ય થતું જ નથી પણ નિજ ધ્રુવ દ્રવ્યની અપેક્ષા વિના ઉત્પાદ પર્યાય ઉત્પાદના સ્વકાળે ષટ્કારકથી સ્વતંત્ર થાય છે એવી એક એક પર્યાયમાં પ્રભુત્વશક્તિ પડી છે.

પ્રશ્નઃ– નિજ દ્રવ્યની અપેક્ષા વિના પર્યાય થાય એટલે શું?

ઉત્તરઃ– ધ્રુવ દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ છે ને પર્યાય ભિન્ન–ભિન્નરૂપે થાય તે પર્યાય પોતાની યોગ્યતાનુસાર સ્વકાળે સ્વતંત્ર થાય છે.

પ્રશ્નઃ– ધ્રુવદ્રવ્યની અપેક્ષા લઈએ તો શું વાંધો છે?

ઉત્તરઃ– ધ્રુવદ્રવ્યની અપેક્ષા લેવાથી વ્યવહાર થઈ જાય છે. પર્યાય પર્યાયના સ્વકાળથી થાય છે એ પર્યાયનો નિશ્ચય છે.

પ્રશ્નઃ– આત્માની દ્રષ્ટિ થયા પછી વ્રત તપ કરવાના હોય ને?

ઉત્તરઃ– આત્માની દ્રષ્ટિ થયા પછી જેમ જેમ સ્વરૂપમાં સ્થિરતા થાય તેમ તેને યોગ્ય વ્રત–તપ આદિના વિકલ્પો સહજ આવે છે તે આસ્રવ છે. સ્વરૂપમાં સ્થિરતા થાય તે જ નિશ્ચય વ્રત છે, તેની સાથે વિકલ્પ હોય તે વ્યવહાર વ્રત કહેવાય. સમ્યગ્દર્શન થયા પછી સ્થિરતા વધતી જાય તેમ વ્રતાદિના વિકલ્પો સહજ આવે છે, હઠ કરવી પડતી નથી.

પ્રશ્નઃ– સમ્યગ્દ્રષ્ટિને મોહ–રાગ–દ્વેષનો અભાવ છે તેમ સમયસારમાં કહ્યું છે તો પછી સમ્યગ્દ્રષ્ટિને બાકી શું રહ્યું છે?

ઉત્તરઃ– સમ્યગ્દ્રષ્ટિને કાંઈ બાકી રહ્યું નથી. સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાતાદ્રષ્ટા થઈ ગયો છે, અસ્થિરતાનો રાગ છે તે ગૌણ છે. અને તેનો પણ જ્ઞાતાદ્રષ્ટા છે. ને ક્રોડ પૂર્વનો ત્યાગી દ્રવ્યલિંગી હોય છતાં તેને રાગ–દ્વેષ–મોહ વર્તે છે તેથી તે બંધાય છે. અહો! સમ્યગ્દર્શનનું શું માહાત્મ્ય છે તેની જગતને ખબર નથી.

પ્રશ્નઃ– એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી તો સ્પર્શેન્દ્રિયના જે વિષયો છે તેનું જ્ઞાન તો શરીરનો સ્પર્શ થાય ત્યારે થાય છે ને ચક્ષુ ઇન્દ્રિયનો વિષય દૂરથી દેખાય છે?

ઉત્તરઃ– સ્પર્શેન્દ્રિય તેના વિષયનો સ્પર્શ કરે ત્યારે જ્ઞાન થાય છે તેનો અર્થ એ છે કે સ્પર્શેન્દ્રિયની નિકટ તેનો વિષય આવે છે ત્યારે જ્ઞાન થાય છે. ત્યાં સ્પર્શનો અર્થ નિકટ આવવું તે છે.

* આત્મા વીતરાગી પરમાનંદની મૂર્તિ છે. એવા અકષાય પરમાનંદનો જે આસ્વાદી છે, તે જીવ સંયમી છે, જે ક્રોધાદિને વશ થયો છે તે અસંયમી છે. નગ્નપણું તે દેહનું છે, અને પંચમહાવ્રતનો વિકલ્પ તે ક્રોધનો અંશ છે તેને વશ થાય છે– તાબે થાય છે તે અસંયમી છે. નગ્નપણું અને પંચમહાવ્રતનો વિકલ્પ મુનિને હોય છે ખરો પણ તેને પોતાનું કર્તવ્ય માનીને તાબે થઈ ગયો છે. તે બહારથી ત્યાગી હોવા છતાં અસંયમી છે.

પ્રશ્નઃ– પંચમહાવ્રત પાળતાં પાળતાં કષાય શાંત થઈ જશે?

ઉત્તરઃ– રાગથી ભિન્ન આત્માને અનુભવ્યા વિના મંદ રાગને તાબે થઈ જાય છે તેને કષાય શાંત થતો નથી પણ વધી જશે.

પ્રશ્નઃ– રાગને શાંત પાડવા રાગની મંદતા કરવી તે ઉપાય તો છે ને?

ઉત્તરઃ– કષાયને તાબે થવું તે કષાય ટાળવાનો ઉપાય નથી. અકષાય સ્વભાવને વશ થવાથી કષાય શાંત થાય છે. કષાયને વશ થવાથી કષાય વધી જાય છે. કષાયના તાબે થવું તે મિથ્યાદ્રષ્ટિપણું છે. જ્ઞાનીને અસ્થિરતાનો રાગ થાય છે પણ તે કષાયને વશ નથી. કષાયથી ભિન્નતા વર્તી રહી છે.

* યોગીન્દ્રદેવ કહે છે કે જે પાપથી જીવો નરકના દુઃખો પ્રાપ્ત કરીને તે દુઃખની વેદનાથી આત્મજ્ઞાન પામી મોક્ષમાર્ગમાં બુદ્ધિ લગાડે છે તો તે પાપ પણ શ્રેષ્ઠ છે, સારૂં છે કે જેના કારણે જીવ આત્મસન્મુખ થઈ જાય છે; પણ અજ્ઞાનથી કરેલા વ્રત તપ આદિ પુણ્યભાવ પણ સારા નથી કે જેના ફળમાં તે જીવ સ્વર્ગમાં જઈ ભોગાદિમાં મગ્નતા

કરીને ત્યાંથી મરીને એકેન્દ્રિય આદિ ગતિમાં જાય છે. તેથી શુભથી દેવપણું મળ્યું શા કામનું? એ જીવના શુભ ભાવ અને તેનાથી મળેલું દેવપણું પણ નિરર્થક છે, અને જે ભવ્યજીવ સ્વસન્મુખ થાય છે તેને પાપભાવથી મળેલી દુર્ગતિ પણ શ્રેષ્ઠ છે, શ્રેયકર છે કે જેમાં આત્મજ્ઞાન પામી ભવનો અંત લાવે છે.

* સમ્યગ્દર્શનના ધારક જીવોને મરણ પણ સુખકારી છે અને સમ્યગ્દર્શન રહિત જીવોને પુણ્યોદય પણ સારો નથી. આત્માની આરાધના વિના પુણ્ય કરે, વ્રતાદિ પાળે, દયા–દાન–પૂજા–ભક્તિ આદિ કરે તોપણ સમ્યગ્દર્શન વિના તે પુણ્યથી વૈભવ પામીને ત્યાંથી મરીને નરકમાં જશે કેમ કે પુણ્યોદયથી મદ ચડશે અને મદથી મતિ ભ્રષ્ટ થશે, તેથી પાપ બાંધીને નરકમાં જશે માટે સમ્યગ્દર્શન વિનાના તે પુણ્ય પણ લાભકારી નથી. તેથી તે પુણ્ય સહિત હોવા છતાં તેને પાપી કહેવામાં આવે છે, અને સમ્યગ્દર્શન સહિત જીવ પાપોદયથી દુ:ખી હોય, દરિદ્રી આદિ હોય તોપણ તેને પુણ્યાધિકારી કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શનનું આશ્ચર્યકારી માહાત્મ્ય અને પ્રભાવ છે. લાખ વાતની વાત છે કે પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવા જેવું છે.

* પ્રવચનસારમાં કહે છે કે દરેક દ્રવ્યના પર્યાયનો જન્મક્ષણ, સમ્યકદર્શન–જ્ઞાન–ચારિત્ર પર્યાય થવાનો જે જન્મક્ષણ છે ત્યારે જ પ્રગટ થાય છે. તો પ્રશ્ન થાય કે એમાં પુરુષાર્થ ક્યાં આવ્યો? ભાઈ! સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર જે પ્રગટ થાય છે તે પર્યાયમાં ઉભા રહીને પ્રગટ થયા નથી, પર્યાયની સામુ જોઈને પ્રગટ થયા નથી, પણ એ પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર છે ત્યારે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ થાય છે. દ્રવ્ય સ્વભાવ ઉપર લક્ષ ગયું છે એ પુરુષાર્થથી થયું છે. એ પર્યાય એના સ્વકાળથી થઈ છે. અને પર્યાય નિયતકાળે થઈ છે અને તે વખતે કર્મનો પણ અભાવ છે એથી એમાં પાંચે સમવાય સાથે જ આવી જાય છે.

* ખરેખર તો પર્યાય પર્યાયના સ્વકાળથી, જન્મક્ષણથી પર્યાય થવાની હોય તે જ થાય છે, દ્રવ્યથી પર્યાય થાય છે તેમ કહેવું એ પણ વ્યવહાર છે. ઉત્પાદ પર્યાયને દ્રવ્ય કારણ નથી અને વ્યય પણ કારણ નથી. તે ઉત્પાદ પર્યાયનો નિશ્ચય છે સમ્યગ્દર્શન પર્યાય દ્રવ્યના આશ્રયથી થાય છે તેમ કહેવું તે અપેક્ષિત કથન છે. સમ્યગ્દર્શન પર્યાય થાય છે તે તેનો જન્મક્ષણ છે પણ તે પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર છે તેથી દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે તેમ કહેવાય છે. ખરેખર તો સમ્યગ્દર્શન પર્યાયને પરથી ભિન્ન પડવાનો–ભેદજ્ઞાન પર્યાય થવાનો સ્વકાળ છે, જન્મક્ષણ છે ત્યારે જ તે પર્યાય થાય છે પણ એ થાય કોને? કે જેનું લક્ષ દ્રવ્યસ્વભાવ ઉપર હોય તેને જ થાય છે. (પર્યાયમાં ઊભા ઊભા પર્યાય સામું જોનારને પર્યાયના સ્વકાળનું

સાચું જ્ઞાન થતું નથી.) જૈનદર્શનનું આ પરમ સત્ય સ્વરૂપ છે. તેનો વિરોધ કરવાથી મહા મોહનીય અંતરાયકર્મ બંધાય છે ને તેની દશા બહુ હીન થઈ જાય છે.

પ્રશ્નઃ– બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકે જવાનું લખાવીને જ આવ્યા હતા તેથી ગયા છે ને?

ઉત્તરઃ– નરકમાં જવાના જ હતા એટલે ગયા છે એનો અર્થ શું? તેણે કર્તા થઈને નરકમાં જવાને યોગ્ય પ્રચુર પાપ ભાવો કર્યાં હતા તેથી નરકમાં ગયા છે. લખાવીને આવ્યા હતા એટલે તેણે કર્તા થઈને પાપ ભાવો કાંઈ કર્યાં નથી ને નરકમાં ગયા છે તેમ નથી, પણ પોતે કર્તા થઈને વાસનાની પ્રચુર લોલુપતા કરી હતી તેથી નરકમાં ગયા છે.

પ્રશ્નઃ– એ નરકમાં જવાનું ક્રમબદ્ધમાં હતું તેથી જ ગયા છે ને?

ઉત્તરઃ– ક્રમબદ્ધમાં હતું તેથી નરકમાં ગયા છે એનો નિર્ણય કોણે કર્યો? જેની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર છે તેને ક્રમબદ્ધનું સાચું જ્ઞાન હોઈ શકે છે.

પ્રશ્નઃ– સર્વજ્ઞે દેખ્યું છે તેમ થયું છે ને?

ઉત્તરઃ– જેણે પોતાના સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય કર્યો છે તેને સર્વજ્ઞપર્યાય આટલી મોટી સામર્થ્યવાળી છે એમ બેસે છે ત્યારે તેને સર્વજ્ઞે દેખ્યું તેમ થયું છે એવો સાચો નિર્ણય થાય અહો! સર્વજ્ઞ જેના જ્ઞાનમાં બેઠા છે એની શું વાત કરવી!

* એક જગ્યાએ કહે કે આત્માના લક્ષે આગમનો અભ્યાસ કર એથી તારું કલ્યાણ થશે, ને બીજે કહે કે શાસ્ત્ર ઉપરનો રાગ પણ છોડી દે. પર તરફનું લક્ષ બંધનું કારણ હોવાથી શાસ્ત્ર તરફનો રાગ પણ છોડાવ્યો છે. અને જ્યાં આગમનો અભ્યાસ કરવા કહ્યું છે ત્યાં આગમના અભ્યાસમાં આત્માનું લક્ષ છે તેથી વ્યવહારથી આગમ અભ્યાસને કલ્યાણનું કારણ કહ્યું છે. એક બાજુ કહે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનું કારણ છે. હવે શાસ્ત્ર તરફનું લક્ષ જાય છે તે શુભ રાગ હોવાથી બંધનું કારણ કહ્યું તો ભોગનો અશુભરાગ નિર્જરાનું કારણ કેમ હોય? પણ ત્યાં તો જ્ઞાનીના જ્ઞાનનું માહાત્મ્ય બતાવવા ભોગને નિર્જરાનું કારણ કહ્યું છે. સમયસારમાં કહે છે કે હે જ્ઞાની! તું પરદ્રવ્યના ભોગને ભોગવ. તેમ કહ્યું છે ત્યાં ભોગ ભોગવવાની પ્રેરણા નથી આપી પણ પરદ્રવ્યના કારણે બંધ થતો નથી તેમ બતાવવાનો આશય છે. શાસ્ત્રમાં જ્યાં જે અભિપ્રાયથી કહ્યું હોય ત્યાં તે જ અભિપ્રાયથી સમજવું. આ તો અલૌકિક વાત છે.

* પચાસ છોકરા ઉભા હોય તેમાં એક છોકરાને આ મારો છોકરો છે એમ માનીને ભ્રમ કરે છે. પચાસ સ્ત્રીઓ ઊભી હોય તેમાં એકને પોતાની માની આ સ્ત્રી મારી છે એમ ભ્રમ કરે છે. એ ભ્રમથી તેનામાં મમતા ઊભી કરીને દુઃખી થાય છે. ખરેખર તો તે બધા એક જ પ્રકારના જ્ઞેયો છે. એમાં આ મારા છે એવો ભ્રમ ઊભો કરે છે તે જ

દુઃખનું કારણ છે. એ બધા જ્ઞેયોથી હું અત્યંત ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ છું, તેવું ભેદજ્ઞાન કરે તો ભ્રમણાથી ઉભા કરેલા દુઃખનો અંત આવે છે.

* જેમ વાંદરાએ સાંકડા મોઢાના માટલામાં હાથ નાખીને બોરની મુઠ્ઠીવાળી છે, મુઠ્ઠી વાળવાથી સાંકડા મોઢાના માટલામાંથી હાથ નીકળતો નથી, તેથી તેને ભ્રમ થાય છે કે મારો હાથ કોઈ ભૂતે પકડયો છે, તેવું માની ઠેકડા–કુદકા મારે છેઃ તેમ અજ્ઞાની પોતે સ્ત્રી–પુત્ર–મિત્ર–ધન–વૈભવ આદિ પરદ્રવ્યોનો સ્વામી થઈને મમતા કરે છે અને માને છે કે મને આ બધા સ્ત્રી–પુત્ર–મિત્રાદિએ બાંધ્યો છે, પકડયો છે. એ અજ્ઞાનીની મૂર્ખ વાંદરા જેવી કેવળ ભ્રમણાં જ છે. જો વાંદરો, મુઠ્ઠી ખોલે તો હાથ માટલામાંથી નીકળે, કોઈ ભૂતે તેનો હાથ પકડયો નથી. તેમ અજ્ઞાની જો પરદ્રવ્યોનું સ્વામીપણું છોડે તો મમતા છૂટે છે, કોઈએ તેને બાંધ્યો નથી.

* અગ્નિ તેના ઉષ્ણતાના સ્વભાવથી જણાય છે. વીજળી–દીવો તેના પ્રકાશ સ્વભાવથી જણાય છે. બરફ તેના ઠંડા સ્વભાવથી જણાય છે. તેમ આત્મા પોતાના સ્વસંવેદનજ્ઞાનથી જણાય છે.

* અફીણના બંધાણી ગરાસીયાને એકની એક દિકરી મરી જતાં તે કહે છે કે અરે! વ્હાલામાં વ્હાલી દીકરી વિના ચાલશે ને આ અફીણ વિના નહીં ચાલે? એમ વિરક્ત થઈને અફીણની ડાબલીને ફેંકી દે છે. તેમ ખરો આત્માર્થી વિચારે છે કે અરે! જેના વિના ક્ષણ પણ ચાલી શકે નહિ એવા આત્મા વિના અનંતકાળ ચલાવ્યો, તો શું આ દેહ–ધન–કુટુંબ આદિ સંયોગ વિના નહીં ચાલે? કે રાગાદિ સંયોગી ભાવ વિના નહીં ચાલે? અરે! એ બધા વિના ચાલશે પણ મને મારા આત્માના શરણ વિના ક્ષણ પણ નહીં ચાલે. એમ બળપૂર્વક અંતરમાં ઊંડો ઊતરી આત્માના શરણે જાય છે.

* વ્રત–તપ આદિ શુભભાવો છે તે દુઃખ ભાવથી સંકળાએલા છે અને સમ્યગ્દર્શન છે તે આત્માના આનંદથી સંકળાયેલ છે. જેણે પર્યાયને દ્રવ્યમાં જોડી દીધી છે તેને આત્મામાંથી ઉદ્ધત આનંદ દોડતો પર્યાયમાં આવે છે. દુનિયા માને છે કે ભોગવિલાસમાંથી આનંદ આવે છે. પણ તે આનંદ નથી, તેમાં તો દુઃખ દોડતું આવે છે. અને આત્મામાંથી ઉદ્ધત આનંદ દોડતો આવે છે.

પ્રશ્નઃ– કારણ પરમાત્મા દેખાતો નથી તો વિશ્વાસ કેવી રીતે કરવો?

ઉત્તરઃ– દેખાતો નથી એ જ દેખાય છે, દેખાતો નથી એવો નિર્ણય કોણે કર્યો? નિર્ણય કરનાર તે પોતે જ છે માટે તેનો વિશ્વાસ કરવો.

* ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરે તો બધા સમાધાન થઈ જાય તેવું છે. રાગની પર્યાય હોય કે વીતરાગી પર્યાય હોય પણ પર્યાય માત્ર પર્યાયના સ્વકાળે–જન્મક્ષણે –થવાની હોય તે જ થાય છે તેમ નિર્ણય કરતાં, પર્યાય નિમિત્તથી થતી નથી, વ્યવહારથી નિશ્ચય થતો નથી આદિ બધા ખુલાસા થઈ જાય છે.

પ્રશ્નઃ– ગરીબોને અનાજ કપડા આપી દાન કરીએ. ગરીબોની સેવા કરીએ તે બધાથી ધર્મ થાયને ?

ઉત્તરઃ– ગરીબોને અનાજ કપડા આદિ આપવામાં કષાયની મંદતા હોય તો પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય અને અનાજ કપડા વિગેરે પર વસ્તુ છે તે મારી છે ને હું તે વસ્તુ બીજાને આપી શકું છું એ માન્યતાથી મિથ્યાત્વના મોટા પાપને બાંધે છે. દાન દેવાનો ભાવ તે શુભ છે તેનાથી આત્માને લાભ માનવો કે ધર્મ માનવો તે મિથ્યાત્વનું મહાન પાપ છે. આત્માનું શું સ્વરૂપ છે ને આત્મા શું કરી શકે છે એની મર્યાદા જગતે જાણી નથી. એથી અજ્ઞાનના દાવાનળમાં જગત સળગે છે.

* નિશ્ચય શુદ્ધાત્માની ભાવનાવાળા સાધક જીવને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની સાથે જે વ્યવહાર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર એટલે કે સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા નવ તત્ત્વનું જ્ઞાન અને પંચમહાવ્રતનું આચરણ છે તેને નિશ્ચયનું સહકારી ગણીને પ્રશંસા યોગ્ય કહ્યું છે. વ્યવહારે મોક્ષમાર્ગ કહ્યો છે, તોપણ પરમાર્થે તો બંધ માર્ગ જ છે. તેથી નિશ્ચય શુદ્ધાત્માની ભાવના કાળે તે વ્યવહાર પ્રશંસા યોગ્ય નથી. સાધક જીવને પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી એટલે પ્રથમ અવસ્થામાં વ્યવહાર શ્રદ્ધા –જ્ઞાન–આચરણને પ્રશંસા યોગ્ય કહ્યું છે તો પણ શુદ્ધાત્માની ભાવના કાળે પ્રશંસા યોગ્ય નથી.

* જેને ભગવાન આત્માની દ્રષ્ટિ થઈ છે તેને વીતરાગી ભગવાન પ્રત્યેનો જે રાગ આવે છે તે સવારની સંધ્યા સમાન છે, કેમ કે સવારની સંધ્યા ટળીને સૂર્યોદય થઈ જશે તેમ વીતરાગી–દેવ પ્રત્યેનો રાગ છે તે ટળીને પૂર્ણ વીતરાગી કેવળજ્ઞાન સૂર્યરૂપે થઈ જશે. તેથી તે રાગને સવારની સંધ્યા સમાન કહ્યો છે. પણ સ્ત્રી–પુત્રાદિ પ્રત્યેનો જે રાગ છે તે અંધકાર સમાન છે. જેમ સાંજની સંધ્યા ટળીને અંધકાર થઈ જાય છે તેમ.

* વિકાર હોવા છતાં વિકારની સાથે જ્ઞાન પડ્યું છે તેને પકડીને અંદરમાં જાય એટલે એને ભાસમાં આવે કે આ આત્મા એકલો વીતરાગ સ્વરૂપ જ છે, પરમાનંદ સ્વરૂપ જ છે, અત્યારે જ આવો સ્વભાવ છે. એકેન્દ્રિય આદિ પર્યાયનું લક્ષ છોડીને સ્વભાવનું

લક્ષ કરતાં અત્યારે જ વીતરાગસ્વરૂપ પ્રતીતમાં અને અનુભવમાં આવે છે. જેમ જિનપ્રતિમા એકલી વીતરાગસ્વરૂપ છે તેને હાલવું–ચાલવું–બોલવું–ખાવું–પીવું કાંઈ નથી. વીતરાગી સ્થિર બિમ્બ છે. તેને દેખીને તેઓ વીતરાગી એટલે રાગ હતો તે તેનું સ્વરૂપ ન હતું. તેથી નીકળી જતાં વીતરાગી થયા તેમજ મારો આત્મા પણ રાગ રહિત વીતરાગી છે તેમ જાણે છે.

* અજ્ઞાની વિષયોને ભોગવતો નથી પણ તેના પરિણામમાં થતા રાગ દ્વેષને ભોગવે છે. તેમ જ્ઞાની સ્વદ્રવ્યને ભોગવતો નથી પણ તેના પરિણામમાં વર્તતી શુદ્ધતાને ભોગવે છે. અજ્ઞાનીનું લક્ષ પરદ્રવ્ય ઉપર છે તેથી તેના લક્ષે થતાં રાગદ્વેષને ભોગવે છે. જ્ઞાનીનું લક્ષ સ્વદ્રવ્ય ઉપર છે એટલે તેના લક્ષે થતી શુદ્ધતાને ભોગવે છે.

* જેને આત્માનું ભાન નથી તેવા અજ્ઞાની જીવોને આત્મા રાત્રિ સમાન અંધકારરૂપ લાગે છે તેથી આત્મામાં અજાગૃત રહે છે, ઊંઘે છે, અને જેને આત્માનું ભાન છે તેવા જ્ઞાનીઓને આત્મા દિવસ સમાન પ્રકાશરૂપ લાગે છે તેથી તેઓ આત્મામાં જાગૃત રહે છે. અજ્ઞાની જીવોને દેહ–મન–વાણી–સ્ત્રી–પુત્ર–ધનાદિ દિવસ સમાન પ્રકાશરૂપ લાગે છે તેથી તેમાં તેઓ જાગૃત અર્થાત્ સાવધાન રહે છે. અને જ્ઞાનીઓને દેહ–મન–વાણી–સ્ત્રી–પુત્ર–ધનાદિ રાત્રિ સમાન અંધકારરૂપ લાગે છે તેથી તેઓ તેમાં અજાગૃત અર્થાત્ ઊંઘે છે.

* પુણ્ય–પાપના પ્રેમમાં પડેલા મિથ્યાદ્રષ્ટિ જીવો મોહરૂપી મદિરા વડે અસાધ્યદશામાં પડયા છે. દેહ તે હું, રાગ તે હું, પુણ્ય તે હું, એમ તેણે પોતાના આત્માની હૈયાતીને અહૈયાતી માની છે, સત્યને અસત્ય માની સત્યને આળ દીધા છે, તેથી તેના ફળમાં બીજા જીવો તેની હૈયાતી ન માની શકે તેવી નિગોદ દશાનું ફળ પામવાના છે. અહા! જેણે શુભાશુભભાવમાં ભેદ પાડયા, શુભાશુભના બંધનમાં ભેદ પાડયા, શુભાશુભના ફળમાં ભેદ પાડયા, તેણે સત્ય સ્વરૂપ આત્માને આળ દીધા છે અને જેણે પુણ્ય પાપના ભેદને એકરૂપ બંધનરૂપ દુઃખરૂપ માનીને ચૈતન્યજ્યોતિ આત્માનો આશ્રય લઈ અજ્ઞાન અંધકારનો નાશ કર્યો છે, તે કેવળજ્ઞાનને પ્રગટ કરે છે.

* જેમ પાકું ફળ વૃક્ષના ડીંટાથી છૂટું પડયા પછી ફરીને ડીંટા સાથે એકરૂપ સંબંધ પામી શકાતું નથી તેમ જ્ઞાનીને એકવાર રાગાદિથી ભિન્નતા પડીને જ્ઞાનાનંદ સ્વભાવમાં એકતા થઈ છે તેને ફરીને ગમે તેવો કર્મનો ઉદય આવે તોપણ રાગાદિ કર્મની સાથે એકપણું થઈ શકતું નથી.

પ્રશ્નઃ– રાગ આત્માનો નથી તો શું રાગ જડમાં થાય છે?

ઉત્તરઃ– રાગ તે જીવનું સ્વાભાવિક પરિણામ ન હોવાથી શુભાશુભ રાગને જડ અને અચેતન કહ્યો છે. રાગ તે આત્માનું સ્વરૂપ જ નથી. ચૈતન્યપુંજ રાગરૂપે થયો જ નથી. આત્માના ભાન વિના અનંતવાર નવમી ગ્રૈવેક ગયો પણ સમ્યગ્દર્શન વિના લેશ પણ સુખ પામ્યો નથી. અલિંગગ્રહણના બોલમાં પણ યતિની ક્રિયા–પંચ મહાવ્રત આદિનો આત્મામાં અભાવ કહ્યો છે. સમયસાર ગાથા ૧૮૧ થી ૧૮૩ માં પણ કહ્યું કે જાણનક્રિયારૂપ આત્મા અને ક્રોધાદિ ક્રિયારૂપ આસ્રવો અત્યંત ભિન્ન છે, તેના પ્રદેશો ભિન્ન હોવાથી બે વસ્તુની સત્તા જ જુદી છે તેમ કહ્યું છે. વાત એ છે કે આસ્રવ ઉપરથી દ્રષ્ટિ ઉઠાવી લે અને દ્રવ્ય ઉપર દ્રષ્ટિ દે. જ્યાં તારી વસ્તુ નથી, ત્યાંથી દ્રષ્ટિને ઉઠાવી લે ને તારી વસ્તુ ઉપર દ્રષ્ટિ મૂક તો તને સુખ અને શાંતિ થશે.

* પ્રવચનસારમાં કહ્યું છે કે કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય છે અહીં સમયસાર ગાથા ૧૮૧ થી ૧૮૩માં કહ્યું કે જ્ઞાનને અને રાગને અત્યંત સ્વરૂપ વિપરીતતા છે એટલે કર્મકાંડથી જ્ઞાનકાંડ ન થાય, પણ પ્રવચનસારમાં જ્ઞાનકાંડ થવા કાળે નિમિત્ત કેવું છે તે બતાવવા કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય તેમ કહ્યું છે. તે વ્યવહારનું કથન છે, પરમાર્થથી જ્ઞાનને ને રાગને અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી કર્મકાંડથી જ્ઞાનકાંડ થતું નથી.

* વીતરાગી દ્રષ્ટિ અને સંસાર દ્રષ્ટિમાં મોટો ફેર છે. સાતમી નરકમાં રહેલો સમ્યગ્દ્રષ્ટિ સુખી છે અને છ–ખંડના વૈભવમાં ૯૬ હજાર રાણીના વૃંદમાં સુખબુદ્ધિવાળો અજ્ઞાની ચક્રવર્તી મહાદુઃખી છે. કેમ કે પરદ્રવ્યમાં જેને સુખબુદ્ધિ છે–પ્રેમ છે તે મહાદુઃખી છે ને આત્મામાં સુખબુદ્ધિ છે, પ્રેમ છે, રુચિ છે, તે જીવ નરકમાં હોય, પ્રતિકૂળતાના ગંજનો પાર ન હોય, છતાં આત્માના આનંદનું ભાન હોવાથી તે સુખી છે. એ રીતે વીતરાગી દ્રષ્ટિ અને સંસાર દ્રષ્ટિમાં મોટો ફેર છે.

* જેટલા પ્રમાણમાં શરીર ઉપર પ્રેમ છે તેટલા પ્રમાણમાં શરીરમાં પ્રતિકૂળતા આવતા દ્વેષ થાય છે. જેટલો પ્રશંસા કરનાર પ્રત્યે રાગ થાય છે તેટલો નિંદા કરનાર પ્રત્યે દ્વેષ થાય છે. જેટલા પ્રમાણમાં ધન–કુટુંબ–વૈભવ આદિ પ્રત્યે રાગ થાય છે તેટલા પ્રમાણમાં ધન–કુટુંબ–વૈભવ આદિમાં વિઘ્ન આવતા દ્વેષ થાય છે. આત્મા અકષાય સ્વભાવી શાંતિનો પિંડ પ્રભુ છે, તેમાં દ્રષ્ટિ કરી નથી તેથી પર પદાર્થોમાં રાગ–દ્વેષ થયા વિના નહિ રહે.

# અજ્ઞાનીના પુણ્ય પરંપરા દુર્ગતિનું કારણ, જ્ઞાનીના પુણ્ય પરંપરા મુક્તિનું કારણ.

**જેણે શુભરાગનાં પૂર્વે અભિમાન કર્યાં છે તેને તેના ફળમાં પ્રાપ્ત થયેલ ધનાદિ વિભૂતિ મળતાં અભિમાન કર્યાં વિના રહેશે નહિ અને ધનના મદથી મતિ ભ્રષ્ટ થતાં દુર્ગતિમાં ચાલ્યો જાય છે. જેણે શુભરાગનાં પૂર્વે અભિમાન કર્યાં નથી. માત્ર જ્ઞાતા ભાવે રહ્યા હતાં એવા સમ્યગ્દ્રષ્ટિને પૂર્વપુણ્યોદયથી પ્રાપ્ત વિભૂતિમાં અભિમાન થતું નથી પરંતુ તેનાથી તેઓ વિરક્ત થઈ પરંપરા મુક્તિમાં જાય છે.**

**[ તા. ૨૩-૧૧-૭૬ ના શ્રી પરમાત્મપ્રકાશ-દ્વિતીય અધિકાર-ગાથા ૬૦ પરના પ્રવચનમાંથી ]**

જે પુણ્યના ફળથી અધોગતિ પ્રાપ્ત થાય તે પુણ્યનો અહીં નિષેધ કરવામાં આવ્યો છે.

પુણ્યથી ઘરમાં ધન હોય છે એટલે કે પુરુષાર્થથી ધન મળતું નથી પણ પૂર્વના પુણ્યથી ધન મળે છે. પરંતુ બે–ચાર કરોડ રૂપિયા મળે ત્યાં તો પ્યાલો ફાટી જાય કે અમે બહુ પુરુષાર્થ કર્યો માટે કમાયા, પણ એ તો પૂર્વે જે પુણ્ય બાંધ્યા હતા તેનાથી વર્તમાનમાં ધનાદિ મળે છે. પૂર્વે સંયોગીભાવ કર્યાં હતા તેનાથી સંયોગ મળે છે.

પુણ્યથી વિભૂતિ મળશે. પાંચ–પાંચ લાખ રૂપિયા કમાતા હોય, કરોડપતિની દિકરી પત્ની બને ત્યાં વિભૂતિથી મદ ચડી જાય કે ગરીબ માણસને આવડત નથી ને અમને આવડત છે એટલે અમે કમાયા, પૂર્વે પુણ્યમાં અભિમાન સેવ્યા હતા કે અમે વ્રત પાળીયે છીએ, અમે દાન કરીએ છીએ આદિ શુભભાવમાં અભિમાન સેવ્યા હતા, તેથી તેના ફળમાં વિભૂતિ આદિ મળતાં તેનાથી અભિમાન થશે.

ધન કે વિભૂતિ અભિમાન કરાવતા નથી પણ પોતે અભિમાન કરે છે. પૂર્વે પુણ્યભાવમાં અભિમાન સેવ્યું હતું તેથી વર્તમાનમાં વિભૂતિનો સંયોગ મળતાં અભિમાન કરશે. અભિમાનથી મતિભ્રમ થઈ જશે. અમે જન્મ્યાં પછી અમારા બાહુબળે પૈસા કમાયા છીએ, અમે ઉદ્યોગપતિ છીએ, ઉદ્યોગ કરતા કરતા આટલા આગળ વધી ગયા. પિતાજી પાસે કાંઈ

ન હતું પણ અમે અમારી આવડતથી આ બધું કમાણા ઇત્યાદિ અનેક પ્રકારના અભિમાન થશે ને તેનાથી મતિ ભ્રષ્ટ થઈ જશે.

કોઈ ધર્માત્મા ગરીબ હોય તો તેની નિંદા કરશે, અને નિર્ધન ધર્માત્મા મુનિ થયા હશે તો તેની પણ નિંદા કરશે કે નિર્ધન હતાં એટલે મુનિ થઈને ચાલી નીકળ્યા, ગરીબ ઘરમાં ખાવા–પીવા ન મળ્યું તેથી સાધુ–સંત થઈ ગયા. આદિ મતિભ્રષ્ટ થવાથી નિંદા કરશે. અને એ રીતે વિવેક રહિત થઈને પાપ બાંધશે માટે મુનિરાજ કહે છે કે અમને એવા પુણ્ય ન હજો.

ધર્માત્માને અભેદરત્નત્રયની આરાધના સાથે ભેદરત્નત્રય હોય છે, કર્તાપણું નથી હોતું. પરંતુ જ્યાં સુધી અધૂરી દશા છે ત્યાં સુધી ભેદરત્નત્રયનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી, તેથી તેનું જ્ઞાન કરાવવા એમ કહ્યું છે કે ભેદાભેદરત્નત્રયની આરાધના સહિત સંત હોય છે. ભેદાભેદરત્નત્રયની આરાધના રહિત, જોયેલા, શાસ્ત્રાદિ દ્વારા સાંભળેલા કે પૂર્વે ભોગવેલા ભોગોની વાંચ્છારૂપ નિદાનબંધ સહિત જે મિથ્યાદ્રષ્ટિ છે તેણે પૂર્વમાં ઉપાર્જન કરેલા પુણ્યના ફળથી પ્રાપ્ત ધન–વૈભવાદિથી અજ્ઞાનીને ઘમંડ થઈ જાય છે, અભિમાન થઈ જાય છે, અભિમાનથી અવિવેકીબુદ્ધિ–ભ્રષ્ટ થઈને પાપ કમાય છે અને પાપના ફળમાં અનંત દુઃખને પામે છે.

જેને ભોગોમાં પ્રેમ છે તેને પૂર્વના પુણ્યમાં પણ પ્રેમ છે, પાંચ ઇન્દ્રિયના વિષયમાં જેને પ્રેમ છે તેને તેના કારણરૂપ પુણ્યમાં પણ પ્રેમ છે. જ્ઞાનીને પુણ્યનો પ્રેમ નથી, સ્વર્ગમાં જવું પડે તેનો પણ પ્રેમ નથી પણ તેનો નકાર કરતાં કરતાં સ્વર્ગમાં જાય છે કે અમને આ ન હજો... આ ન હજો.. તેથી સ્વર્ગમાં પુણ્યના ફળમાં રુચિ થતી નથી. પંચમ આરાના મહામુનિઓ સ્વર્ગમાં જ જાય છતાં તેમને પુણ્યના ફળમાં રુચિ નથી.

મુનિને વર્તમાનમાં પંચમહાવ્રત–તપ આદિ છે, પણ તેઓ તેના કર્તા નથી તેમને શુભવિકલ્પમાં અભિમાન નથી. મુનિરાજ કહે છે કે આ મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાનીઓ પૈસાવાળા ભલે હોય, કરોડપતિ ભલે હોય પણ મરીને દુર્ગતિમાં જશે, મુનિને ક્યાં કોઈની દરકાર છે કે કોઈને કેવું લાગશે ? એ તો કરુણાથી કહે છે.

લાંબો વિચાર કરે તો ખબર પડે, અહીં અબજોપતિ હોય, દારૂ–માંસ ખાતા ન હોય પણ આખો દિવસ પુણ્યના ફળમાં જ જાગૃતિ, રાત ને દિવસ આ કરું ને આ કર્યું, ભગવાનને ભૂલી ગયો ને મેં આ કર્યું, આટલી મીલ કરી–એમાં ને એમાં ભવ હારીને તિર્યંચાદિમાં ચાલ્યો જશે. પણ એને એનો વિચાર ક્યાં છે ? ( અન્યમતની ) કથામાં આવે છે કે દીકરાએ બાપનું શ્રાદ્ધ કર્યું, બધાએ ખાઈ લીધું, તપેલામાં દૂધપાક ચોંટયો હતો તે ખાવા

વારંવાર એક ગલુડિયું આવે તેને લાકડી મારે તોપણ પાછું ખાવા આવે. ત્યારે નિમિત્તજ્ઞાનીને પૂછયું કે આનું કારણ શું ? –ત્યારે તેઓએ કહ્યું કે જેનું તેં શ્રાદ્ધ કર્યું છે તે તારો બાપ આ ગલુડિયું થયો છે. આવી સંસારની વિચિત્રતા છે. કેમ કે વર્તમાનમાં પુણ્યના ફળમાં એકાકાર બનીને આત્માની દરકાર કરી નહીં, ધંધાદિ પ્રવૃત્તિની જાગૃતિ આડે એવા શુભભાવ પણ હોય નહીં કે મરીને મનુષ્ય પણ થાય અને દારૂ–માંસ આદિ આકરા પાપ બાંધ્યા ન હોય, તેથી અહીંથી મરીને કરોડપતિ શેઠીયો ગલુડિયું આદિ તિર્યંચ થાય.

દ્રષ્ટિ મિથ્યા છે તે જ મહાપાપ છે ને તે જ મોટો સંસાર છે. તેથી મિથ્યાદ્રષ્ટિનું પુણ્ય પાપનું જ કારણ છે, તેનું પુણ્ય પાપ જ કરાવશે જે સમકિત આદિ ગુણો સહિત વિવેકી જીવ છે એવા ભરત, અગર આદિ ચક્રવર્તી, પાંડવો, રામચંદ્રજી આદિ મહાપુરુષોને રાજ્યનો વૈભવ ઘણો હતો, છતાં રાગ જ મારો નથી– એમ તેમની દ્રષ્ટિ હોવાથી પુણ્યના ફળભૂત વૈભવમાં તેમને અભિમાન ઉત્પન્ન થતું નથી. કેમકે સમયગ્દર્શન સહિત પુણ્ય બાંધેલું, ત્યારે પુણ્યમાં અભિમાન કર્યું ન હતું તેથી તેના ફળમાં પણ તેમને અભિમાન થતું નથી. પુણ્યમાં જેમને અભિમાન ન હતું તેને તેના ફળમાં અભિમાન કેમ થાય ? તેથી ધર્મીનું પુણ્ય પરંપરા મોક્ષનું કારણ કહ્યું, કેમકે ધર્મી પુણ્યને છોડીને પુણ્યનો અભાવ કરીને મોક્ષ કરશે. સમ્યગ્દ્રષ્ટિ પુણ્યનો અભાવ કરશે તે અપેક્ષાથી તેને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે, પરંતુ મિથ્યાદ્રષ્ટિનું પુણ્ય તો પરંપરા કારણ પણ નથી. સમ્યગ્દ્રષ્ટિના પુણ્યને પરંપરા કારણ કહ્યું છે એ ભવિષ્યમાં તેનો અભાવ કરશે તેથી કહ્યું છે. પણ પુણ્યથી મોક્ષ થતો જ નથી. રાગથી મોક્ષ થતો જ નથી. રાગ તો જ્ઞાનીને પણ દુઃખનું જ કારણ છે, માટે તેનાથી મોક્ષ કેમ થાય ?

જેમ અજ્ઞાનીને પુણ્યનું ફળ–વિભૂતિ અભિમાનનું કારણ છે તેમ સમ્યગ્દ્રષ્ટિને વિભૂતિ અભિમાનનું કારણ થતું નથી. સમ્યગ્દ્રષ્ટિને ચક્રવર્તી, બળદેવ આદિ પદ મળે તોપણ તેમાં મદ થશે નહીં કેમકે તે જાણે છે કે એ તો સંયોગી ચીજ છે, પુણ્યના કારણે મળી છે.

આગળના સમયમાં એવા મહાપુરુષો થઈ ગયા કે તેમના વચનમાં સત્ય, બુદ્ધિમાં શાસ્ત્ર, મનમાં દયા, ભુજાઓમાં શૂરવીરતા, યાચકોને પૂર્ણ લક્ષ્મીનું દાન એટલે કે માંગનાર જેટલું માગે તેથી ઓછું આપે નહીં, અને મોક્ષમાર્ગમાં પ્રવર્તવા છતાં નિરાભીમાની હતા. તેઓને તેમના સદ્ગુણોનું કોઈ પણ પ્રકારનું અભિમાન ન હતું. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે આ પંચમકાળમાં એવા સદ્ગુણો લેશમાત્ર પણ નથી તોપણ અજ્ઞાનીને અભિમાનનો પાર નથી પણ તેના અભિમાનથી પુણ્ય બળી જાય છે, પાપ બાંધે છે ને દુર્ગતિમાં ચાલ્યો જાય છે, આમ મિથ્યાદ્રષ્ટિઓના પુણ્ય પાપ બંધનું કારણ થાય છે.

[ સંવર-અધિકારનું અમૃત ઝરણું... પાનું ૮ થી ચાલુ ]

આ ભેદ–વિજ્ઞાનની ધારા જ્ઞાનીને અખંડ રહ્યાં જ કરે છે. રાગ હોવા છતાં, ભેદ–જ્ઞાનની ધારા અંદર નિરંતર ચાલુ જ છે. જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં સર્વથા ઠરી ન જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન નિરંતર ભાવવા યોગ્ય છે. જ્ઞાનની જ્ઞાનમાં સ્થિરતા બે પ્રકારે છે, એક તો મિથ્યાત્વનો અભાવ થઈને જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું તે, અને બીજું રાગનો સર્વથા અભાવ થઈને જ્ઞાનનું ઠરવું તે. આ બન્ને પ્રકારની સ્થિરતા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભેદ–જ્ઞાનની ભાવના નિરંતર ભાવવી.

આજ સુધીમાં જે કોઈ સિદ્ધ થયા છે તે બધા ભેદ–વિજ્ઞાનના પ્રતાપે જ સિદ્ધ થયા છે. વર્તમાનમાં જે કોઈ જીવો સિદ્ધ થાય છે તે ભેદ–વિજ્ઞાનના પ્રતાપે જ સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં જે કોઈ સિદ્ધો થશે તે બધા ભેદ–વિજ્ઞાનના પ્રતાપે જ થશે. વ્યવહારરત્નત્રયથી સિદ્ધ થાય છે એમ કહ્યું નથી. વ્યવહારત્નત્રયના રાગભાવથી પણ ભેદ–વિજ્ઞાન કરીને સિદ્ધ થવાય છે. જેનાથી ભેદ પાડવો છે તેના વડે સિદ્ધ કેવી રીતે થાય ? માટે રાગ રહિત ભેદ–વિજ્ઞાનથી જ મુક્તિ થાય છે.

એક સ્ત્રીને અંધારામાં સોય ખોવાઈ ગઈ. અને તે સ્ત્રી બીજાના કહેવાથી તેને પ્રકાશમાં શોધવા લાગી. પણ પ્રકાશમાં ક્યાંથી મળે ? તેમ રાગની એકતામાં આત્મા અનાદિથી ખોવાઈ ગયો છે એને રાગથી ભિન્ન પડીને જુએ તો ભેદ–વિજ્ઞાન દ્વારા આત્મા હાથમાં આવે.

જીવને બંધન કેમ થાય અને મુક્તિ કેમ થાય તે વાત અહીં બહુ ટુંકામાં કહી દીધી છે. જે કોઈ જીવો બંધાયા છે તે બધા ભેદ–વિજ્ઞાનના અભાવે જ બંધાયા છે. કર્મના ઉદયથી જીવો બંધાયા છે તેમ અહીં કહ્યું નથી. જીવને હીણી–દશા થાય છે તે પોતે પોતાથી કરી છે. કર્મે હીણી–દશા કરાવી નથી. શાસ્ત્રમાં જે કર્મથી થવાની વાત કરી છે તે તો માત્ર નિમિત્તનું કથન છે.

અહો ! ગજબ વાત કરી છે. પણ જીવને સંસારની અશુભ પ્રવૃત્તિની આડમાં નવરાશ મળતી નથી. એમાંથી કદાચ નવરાશ મળે તો શુભભાવમાં આવે પણ શુભ ભાવથી હું ભિન્ન છું એ વાત સાંભળવા મળવી પણ બહુ દુર્લભ છે.

નિગોદના જીવો પણ ભેદ–વિજ્ઞાનના અભાવથી બંધાયા છે, નિગોદના જીવો કર્મના જોરથી બંધાય છે એમ નથી. ભાવ કલંકની પ્રચુરતાને લઈ નિગોદના જીવો બંધાય છે. નિત્યનિગોદના જીવો પણ ભેદ–વિજ્ઞાનના અભાવને લઈને બંધાય છે.

કર્મને લઈને જીવ બંધાય છે તે વાત ઉડી જાય છે. રાગમાં એકતા બુદ્ધિ એક જ બંધનું કારણ છે, આ એક શ્લોકમાં ( કળશ ૧૩૧ માં ) તો ઘણું ભર્યું છે.

એક જ વાત છે. આસ્રવ ભાવમાં એકતા બુદ્ધિથી જીવ બંધાય છે અને આસ્રવ ભાવમાં ભેદ–બુદ્ધિથી જીવ મુક્ત થાય છે. અનાદિથી જીવને ભેદજ્ઞાન નથી. આસ્રવનું યથાર્થ જ્ઞાન પણ તેને કહેવાય કે જે જ્ઞાન આસ્રવથી ભિન્ન પડયું હોય, તો જ આસ્રવનું સાચું જ્ઞાન થાય છે. આસ્રવ મારામાં નથી એવું નાસ્તિનું જ્ઞાન અસ્તિ–સ્વરૂપના જ્ઞાન વિના થતું નથી.

અનાદિકાળથી ભેદજ્ઞાન નથી તેથી જીવ બંધાયો છે તેમ અહીં કહ્યું છે, પણ અનાદિકાળથી વ્યવહાર કર્યો નથી માટે જીવ બંધાયો છે એમ અહીં કહ્યું નથી. દયા–દાન –વ્રત–તપના ભાવ થાય તેનાથી ભેદ–જ્ઞાન કરે તો તે ભેદ–જ્ઞાન વડે જીવ મુક્ત થાય છે. જેણે રાગથી ભિન્ન પડવાનો પુરુષાર્થ કર્યો અને સ્વને આશ્રયે ગયો તે જીવ કર્મથી છુટે જ છે. અહીં મોક્ષનું પ્રથમ કારણ ભેદ–વિજ્ઞાન છે તેમ કહ્યું છે. પરંતુ પહેલાં વ્યવહાર પછી ભેદજ્ઞાન થાય તેમ કહ્યું નથી, ભેદ–વિજ્ઞાન અર્થાત્ સ્વનો આશ્રય એ જ મુક્તિનું કારણ છે. પ્રથમ તો રાગથી ભેદજ્ઞાન કરવું તે પ્રથમ દર્શન શુદ્ધિ છે. પછી રાગ છોડીને સ્વરૂપમાં સ્થિરતા કરવી તે ચારિત્રનો પુરુષાર્થ છે. રાગથી ભિન્ન પાડવાના અભ્યાસથી ભેદ–વિજ્ઞાન પ્રગટ કરવું તે ધર્મની પ્રથમ શરૂઆત છે.

## આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૫૦ | શ્રીમતી લલીતાબેન વાડીલાલ શાહ | મુંબઈ | ૩૫૯ | શ્રીમતી શારદાબેન રમણલાલ શાહ | મુંબઈ |
| ૩૫૧ | શ્રીમતી કુસુમ એ. બાવીશા | મસ્કત | ૩૬૦ | શ્રી શ્રેયસભાઈ ડી. મેતા | અમદાવાદ |
| ૩૫૨ | શ્રીમતી જયાલક્ષ્મીબેન શાહ | મુંબઈ | ૩૬૧ | શ્રી મહેન્દ્રકુમાર જેઠાલાલ શાહ | મુંબઈ |
| ૩૫૩ | શ્રી જયંતીલાલ ધનજીભાઈ દોશી | મુંબઈ | ૩૬૨ | શ્રી ચીમનલાલ જે. શાહ | મુંબઈ |
| ૩૫૪ | શ્રીમતી દેવીબેન રમેશચંદ્ર | કલકત્તા | ૩૬૩ | શ્રીમતી શાંતાબેન નગીનદાસ વારીયા | મુંબઈ |
| ૩૫૫ | શ્રીમતી મુક્તાબેન | જમશેદપુર | ૩૬૪ | શ્રી સોહનલાલ મણીલાલ ભૂતા | દાહોદ |
| ૩૫૬ | શ્રી વનેચંદ કેવલચંદ કોઠારી | રાજકોટ | ૩૬૫ | શ્રી રમેશચંદ્ર ધીરજલાલ શાહ | રાજકોટ |
| ૩૫૭ | શ્રીમતી કાંતાબેન એમ. અજમેરા | નાગપુર | ૩૬૬ | શ્રીમતી જાગૃતિ દીનેશ એન. શાહ | યુ.એસ. એ. |
| ૩૫૮ | શ્રી અમુલખ ડી. શાહ | મુંબઈ | | **આજીવન સભ્ય ફીઃ રૂા. ૧૦૧/-** | ( ક્રમશઃ ) |

[ જ્ઞાનીની જ્ઞાન–વૈરાગ્ય શક્તિનો ચમત્કાર... ટાઈટલ ૨ થી ચાલુ ]

નિર્જરાનું કારણ કહ્યું, તો તેમાં શું અપેક્ષા છે તે સમજવી જોઈએ. જ્ઞાનીને વર્તતી સ્વભાવદ્રષ્ટિનું જોર કેવું છે તે બતાવવા આચાર્યદેવે જ્ઞાનીના ભોગને પણ અહીં નિર્જરાનું કારણ કહી દીધું છે.

જેને રાગનો પ્રેમ છે, રાગની રુચિ છે, રાગનો રસ છે, જે પર્યાયબુદ્ધિ છે, જ્ઞાયક ઉપર જેની દ્રષ્ટિ નથી, એવા અજ્ઞાનીને રાગાદિભાવોના સદ્‌ભાવને લઈને ચેતન–અચેતન દ્રવ્યોનો ઉપભોગ નવા બંધનું જ નિમિત્ત થાય છે. અજ્ઞાની રાગની રુચિમાં ફસાઈ ગયો છે તેથી તેને બંધ થાય છે. ચૈતન્યમૂર્તિ ભગવાન અતીન્દ્રિય આનંદનો રસ–કંદ છે, તેની જેને રુચિ નથી તેને રાગનો જ રસ છે તેથી તેને બંધ થાય છે. જેને આત્માની દ્રષ્ટિ, રુચિ અને આશ્રય નથી એવા અજ્ઞાનીનો ઉપભોગ બંધનું કારણ છે.

પૂર્વે બંધાયેલા કર્મોને બાળવા એટલે કે અકર્મરૂપે પરિણમાવવા તેનું નામ નિર્જરા છે. નિર્જરા થતાં જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે કે જે ફરીને રાગાદિભાવો વડે મૂર્છિત થતી નથી. આ હલકા કાળમાં જેને સમ્યગ્દર્શન થાય છે તે સમ્યગ્દર્શન એવું થાય છે કે ફરી પડે નહિ. અપ્રતિહતભાવે કેવળજ્ઞાન જ પ્રગટ કરે છે.

મિથ્યાદ્રષ્ટિના બાળતપ અને બાળવ્રત બંધના કારણ છે અને જ્ઞાનીનો ચેતન–અચેતનનો ભોગ નિર્જરાનું કારણ છે. આ બહુ ઝીણી વાત છે. રાગની દ્રષ્ટિ અને રાગ વગરની દ્રષ્ટિ બેમાં મોટું અંતર છે. સમ્યગ્દ્રષ્ટિ ચોથા ગુણસ્થાનને પણ જ્ઞાની છે, આત્માનું જ્ઞાન થયું છે માટે તે જ્ઞાની છે. બીજું જ્ઞાન ભલે થોડું હોય પણ જ્ઞાનીને રાગ–દ્વેષ–મોહનો અભાવ છે તેથી ચોથા ગુણસ્થાને પણ જ્ઞાની વૈરાગી છે. ભરત–ચક્રવર્તીને ૯૬ હજાર રાણીઓ અને છ–ખંડનું વિશાળ રાજ્ય હતું છતાં "ભરતજી ઘરમાં વૈરાગી" હતાં. જ્ઞાનીને ઇન્દ્રિયો વડે ભોગ હોય તોપણ તેને સામગ્રી નથી. શરીર સાથે–દ્રવ્ય ઇન્દ્રિય સાથે મારે કાંઈ સંબંધ નથી. તેમજ ભાવ–ઇન્દ્રિય તે પણ ખંડ–ખંડ જ્ઞાન છે તે પણ મારું સ્વરૂપ નથી.

ભોગસામગ્રી પરદ્રવ્ય છે તેને અને મારે કાંઈ સંબંધ નથી. કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ–વિયોગ છે. રાગ–જનક જે પીડા થાય છે તે મારો અપરાધ છે. કર્મનો ઉદય કર્તા થઈને મને રાગ કરાવતો નથી. જ્યાં સુધી મારો પુરુષાર્થ હીણો છે ત્યાં સુધી રાગ થાય છે. રાગમાં સમાધાન થતું નથી, વિકલ્પ રહ્યાં જ કરે છે તેથી વિષયોમાં જોડાણ થાય છે. જેમ રોગી રોગની પીડા સહી શકતો નથી ત્યારે ઔષધિ આદિ

વડે ઈલાજ કરે છે તેમ જ્ઞાની ભોગ–ઉપભોગ સામગ્રી વડે વિષયરૂપ ઈલાજ કરે છે, તેમાં જોડાય છે. તે જ ભવમાં મોક્ષે જવું છે એવા ક્ષાયિક સમકિતીને પણ રાગ થાય છે. પણ તેઓ રાગને અને રાગના ઈલાજને ભલા જાણતાં નથી, પણ દુઃખરૂપ સમજે છે. જ્ઞાનીને રાગ થાય છે પણ તે કાળા નાગ જેવો લાગે છે, ઝેર જેવો લાગે છે.

અજ્ઞાનીને પંચમહાવ્રતનો શુભરાગ થાય તેને બંધનું કારણ કહ્યું છે અને અહીં જ્ઞાનીના ભોગ–ઉપભોગને નિર્જરાનું કારણ કહ્યું. તેમાં અપેક્ષા ખાસ સમજવા જેવી છે. ભોગનો અશુભરાગ નિર્જરાનું કારણ નથી પણ જ્ઞાનીને વર્તતી દ્રષ્ટિનું જોર નિર્જરાનું કારણ છે. તે દ્રષ્ટિનું જોર અને મહિમા બતાવવા માટે અહીં જ્ઞાનીના ભોગને નિર્જરાનું કારણ કહ્યું છે.

એકના એક યુવાન પુત્રનું મરણ થતાં, તેનો અગ્નિસંસ્કાર કરીને ઘેર આવીને, હંમેશાં ચુરમું ખાવાની ટેવના કારણે તેના સગા–સંબંધીઓ પરાણે પિતાને ચુરમું ખવરાવે છે. પણ પિતાની આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. મોઢામાં ચુરમું છે પણ તેનો રસ ઊડી ગયો છે. તેમ જ્ઞાનીને રાગ થાય છે પણ અરુચિપૂર્વક છે, રાગનો રસ ઊડી ગયો છે. કમજોરીના લઈને હર્ષ–શોકનું વેદન થાય છે પણ રાગનો રાગ નથી. રાગમાં મીઠાશ નથી. રાગમાં સ્વામીત્વબુદ્ધિ નથી. તેથી તે રાગભાવ નિર્જરી જાય છે. આગળની ગાથામાં ( ૧૯૩ માં ) કર્મ ખરી જાય છે તેમ કહ્યું હતું. આ ગાથામાં ( ૧૯૪ માં ) ભાવકર્મનું વેદન ખરી જાય છે તેમ કહ્યું છે.

જ્ઞાનીને જેમ પરદ્રવ્યોમાંથી અહંબુદ્ધિ ઊડી ગઈ છે તેમ રાગ–દ્વેષના વેદનમાંથી પણ અહંબુદ્ધિ ઊડી ગઈ છે. મિથ્યાદ્રષ્ટિને સુખ–દુઃખરૂપ ભાવ, રાગની રુચિના સદ્‌ભાવને લઈને, નિર્જરવા છતાં નિર્જર્યો નથી. કારણકે રાગની રુચિના લઈને તેને નવું બંધન થાય છે. જ્ઞાનીને સુખ દુઃખનો ભાવ, રાગની રુચિના અભાવને લીધે ખરેખર નિર્જરી જાય છે. કારણકે રાગની રુચિના અભાવને લીધે તેને નવો બંધ પડતો નથી.

અહીં કહ્યું છે કે જ્ઞાની પરદ્રવ્યને ભોગવે છે. અને ત્રીજી ગાથામાં કહ્યું કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અહીં પરદ્રવ્યને ભોગવે છે તેમ કહ્યું છે તે વ્યવહારથી કહ્યું છે. પરદ્રવ્યને જ્ઞાની કે અજ્ઞાની કોઈ ભોગવી શકતું નથી. માત્ર પરદ્રવ્ય સંબંધીના ભાવને જીવ ભોગવે છે.

ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. શાસ્ત્રનું કોઈપણ કથન હો, પણ તેમાં રાગભાવનું પોષણ હોતું નથી. જિનશાસનમાં સર્વત્ર વીતરાગભાવનું જ પોષણ છે. સમકિતીના ભોગને નિર્જરાનું કારણ કહીને અશુભરાગનું પોષણ કર્યું નથી. પરંતુ સમકિતીની

અકષાયી–દૃષ્ટિનું માહાત્મ્ય પ્રસિદ્ધ કર્યું છે. જે ક્રિયા અજ્ઞાનીને બંધનું કારણ થાય છે, એ જ ક્રિયા જ્ઞાનીને નિર્જરાનું કારણ બતાવીને દૃષ્ટિનું સામર્થ બતાવ્યું છે. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનું નિધાન જ્યાં હાથમાં આવ્યું, પછી તેને કર્મનું નવું બંધન થતું નથી, પણ નિર્જરા જ થાય છે.

કર્મને ભોગવે છતાં, કર્મથી બંધાય નહિ પણ કર્મ નિર્જરી જાય. જ્ઞાનીને ભોગ ભોગવવા છતાં નિર્જરા થાય છે, આ વાત જાણીને અજ્ઞાનીને આશ્ચર્ય ઊપજે છે. પણ જ્ઞાનીના જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ જ આશ્ચર્યકારી છે કે જે જ્ઞાન–વૈરાગ્ય શક્તિના બળે જ્ઞાનીને અશુદ્ધતા છૂટતી જાય છે અને શુદ્ધતા વધતી જાય છે. આનંદમૂર્તિ આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે અને અશુદ્ધતાનો અભાવ થવો તે વૈરાગ્ય છે. આ જ્ઞાન–વૈરાગ્યની ધારા જ્ઞાનીને નિરંતર ચાલુ છે.

કમળાના દર્દ ઉપર એક દવા આવે છે તે બહુ દુર્ગંધ મારે છે એવી દવા કમળાનો દર્દી પીવે છે. પણ તેમાં તેને રુચિ નથી. તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાન–વૈરાગ્યના બળે કર્મોને ભોગવવા છતાં રુચિના અભાવે નવા કર્મોથી બંધાતો નથી, પણ છૂટતો જાય છે.

“જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ તેને ભોગવવા છતાં, રામબાણ વિદ્યાના સામર્થ્ય વડે વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી મરતો નથી, તેમ અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્ભાવથી બંધનું કારણ જે પુદ્ગલકર્મનો ઉદય તેને જ્ઞાની ભોગવતાં છતાં, અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા, રાગાદિભાવોનો અભાવ હોવાથી કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ હોવાથી, બંધાતો નથી.”

ભોગ નિર્જરાનું કારણ હોય તો ભોગ છોડીને મુનિપણું લેવાનું રહેતું નથી. પણ અહીં જ્ઞાનીને ભોગાદિમાં રુચિ અને પ્રેમ નથી તેમ બતાવવું છે. જ્યાં શુભભાવ પણ બંધનું કારણ છે, ત્યાં ભોગનો અશુભરાગ નિર્જરાનું કારણ કેમ હોય? પણ અહીં જ્ઞાનીના જ્ઞાનનું અચિંત્ય સામાર્થ્ય બતાવવું છે.

પ્રશ્નઃ– સમ્યગ્દૃષ્ટિને ભોગના કાળે ભાવ–નિર્જરા થાય?

ઉત્તરઃ– સમ્યગ્દૃષ્ટિને રાગમાં મીઠાશ નહિ હોવાથી, જડ–કર્મ ખરી જાય છે અને પર્યાયમાં અલ્પ સુખ–દુઃખનું વેદન પણ થાય છે પણ તેને તેમાં સુખબુદ્ધિ નહિ હોવાથી, તે ભાવ પણ ખરી જાય છે. થોડું બંધન પડે છે તેને અહીં ગણવામાં આવ્યું નથી.

## “દૃષ્ટિ ફેરે બંધ અને દૃષ્ટિ ફેરે અબંધ”

જ્ઞાનીને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં, રાગ આવે છે તે ઝેર જેવો લાગે છે,

દુઃખરૂપ લાગે છે, ભોગના પરિણામ છે તે તો પાપ જ છે. પણ તે પાપનો રસ જ્ઞાનીને ઊડી ગયો છે અને અજ્ઞાનીને રાગનો રસ છે તેથી નવો બંધ થાય છે.

જેને રાગનો પ્રેમ છે તેને પોતાના વીતરાગી ભગવાન પ્રત્યે દ્વેષ છે. અને જેને પોતાના વીતરાગી ભગવાન પ્રત્યે પ્રેમ છે તેને રાગનો પ્રેમ છૂટી જાય છે. સંસારના પ્રેમની રીત અને આત્માના પ્રેમની રીત જુદી છે.

જેમ મંત્રાદિથી વૈદ્ય વિષની મારણશક્તિનો નાશ કરે છે. તેમ જ્ઞાનીને રાગમાં ઉપાદેય બુદ્ધિ નથી, પ્રેમ નથી, રસ નથી, મીઠાશ નથી, તેથી ભોગાદિવડે નવો બંધ થવાની શક્તિ નષ્ટ થઈ ગઈ છે.

ધર્મીને ઇન્દ્રના ભોગ પ્રત્યે પણ અરુચિભાવ વર્તે છે. થોડો રાગ આવે છે તેના પ્રત્યે પણ અરુચિભાવ વર્તે છે. જ્ઞાનીને સર્વ દ્રવ્યોમાં મારાપણું છૂટી ગયું છે તેથી સર્વ દ્રવ્યોના ઉપભોગ પ્રત્યે તીવ્ર વૈરાગ્યભાવ વર્તે છે. રાગના અભાવરૂપ પરિણમન થઈ રહ્યું છે. આખા વિશ્વથી જેને વૈરાગ્ય વર્તે છે, એવો વર્તતો થકો વિષયોને ભોગવવા છતાં બંધાતો નથી. જેમ રોગીને રોગ પ્રતિ કે રોગના ઈલાજ પ્રતિ રુચિ નથી તેમ જ્ઞાનીને રાગમાં કે રાગના ઈલાજરૂપી ભોગાદિમાં રુચિ નથી. ઇન્દ્રના દૈવી ભોગ જ્ઞાનીને લલચાવી શકે તેમ નથી. જ્ઞાનીને જગતના કોઈ પદાર્થ લલચાવવા સમર્થ નથી.


શાંતિનાથ ભગવાન, તીર્થંકર, ચક્રવર્તી અને કામદેવ હતાં. છ–ખંડમાં એમના જેવું રૂપ કોઈનું ન હતું. તેઓને જ્યારે વૈરાગ્ય થયો ત્યારે સ્ત્રીઓને કહ્યું કે જુઓ! હું તમારા કારણે સંસારમાં રોકાયો ન હતો. મારા રાગના કારણે સંસારમાં રોકાયો હતો. હવે મારો રાગ મટી ગયો છે, હવે હું તમારા હાવ–ભાવથી સંસારમાં રોકાઉં તેમ નથી.

આ રીતે સ્વરૂપનાં ગ્રહણરૂપ જ્ઞાનશક્તિ અને રાગના અભાવરૂપ વૈરાગ્યશક્તિ વડે, જ્ઞાનીને નિરંતર નિર્જરા થઈ રહી છે, અને નવું બંધન અટકી ગયું છે.

---

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાંતિપૂર્વક બિરાજી રહ્યા છે. સવારે પ્રવચનમાં શ્રી પરમાત્મપ્રકાશ–દ્વિતીય અધિકારની ગાથા ૧૧૧ ઉપર તથા બપોરે શ્રી સમયસાર નિર્જરા અધિકારની ગાથા ૨૦૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ચાલી રહ્યા છે. ( તા. ૬–૧–૭૭ )

* ગતાંકની શુદ્ધિઃ– પાના નંબર ૧૪ની છેલ્લી લીટીમાં 'નિર્મળ' ને બદલે 'નિર્બળ' સુધારીને વાંચવું.




( શ્રી જયસેનઆચાર્યદેવે ઉપરના વૈરાગ્ય–ચિત્રના ભાવને સમજાવતું સ્પષ્ટીકરણ પ્રવચનસારની ગાથા–૭૧ ની ટીકામાં આપેલ છે તેનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવેલ છે. )

... કોઈ પુરુષ કોઈ વનમાં હોય અને તેની પાછળ કોઈ હાથી દોડે અને તેથી ભયભીત થઈને તે પુરુષ એવા વૃક્ષ પર ચઢી જાય છે કે જે વૃક્ષની નીચે મોટો અજગર મુખ ફાડીને બેઠો છે. તે પુરુષ વૃક્ષની એવી શાખાને પકડીને નીચે લટકે છે કે જે શાખાની નીચે કૂવો છે. તે કૂવાના ચારે ખૂણામાં ચાર સર્પો મુખ ફાડીને બેઠા છે. તે પુરુષે જે શાખા પકડી છે તે શાખાની જડને એક કાળો ઉંદર તથા એક સફેદ ઉંદર કાપી રહ્યાં છે. તે વૃક્ષમાં એક મધપુડો છે, તેમાંથી મધમાખીઓ તે પુરુષને કરડવા લાગી છે. પાછળ પડેલો હાથી વૃક્ષને જ મૂળથી ઉખાડવાનો પ્રયત્ન કરી રહ્યો છે. ( આવી ભયંકર સ્થિતિમાં ) તે પુરુષ મધપુડામાંથી મધનું એક એક ટીપું નીચે પડે છે તેનો સ્વાદ લ્યે છે અને પોતાને સુખી માને છે તે તેની મૂર્ખાઈ છે. કારણકે તે શીઘ્ર જ કૂવામાં પડીને મરણને પ્રાપ્ત થશે.

તેવી રીતે આ સંસારરૂપી મહાવન છે, જેમાં મિથ્યાદર્શન–મિથ્યાજ્ઞાન –મિથ્યાચારિત્રમાં પડેલો જીવ મરણરૂપી હાથીના ભયથી કોઈ મનુષ્ય લોકને ( મનુષ્ય લોકરૂપી વૃક્ષને ) પ્રાપ્ત છે કે જેની નીચે ( પાતાળમાં ) સાતમી નરકરૂપી અજગર છે, ક્રોધ–માન–માયા–લોભરૂપી ચાર સર્પો બેઠા છે. જીવ આયુકર્મરૂપી શાખામાં લટકે છે કે જે શાખાને કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ રૂપી ઉંદર નિરંતર કાપી રહ્યાં છે તથા તેના શરીરમાં મધમાખીઓ

સમાન અનેક રોગ લાગેલા છે તથા મરણરૂપી હાથી ઊભો છે. તોપણ મધુ–બિંદુની માફક ઇન્દ્રિય વિષયોના ( કલ્પિત ) સુખને ભોગવતો થકો પોતાને સુખી માને તે જીવની અજ્ઞાનતા છે. વિષય સુખ દુઃખનું ઘર છે. એવું સંસારીક સુખ ત્યાગવા યોગ્ય છે. અને મોક્ષનું સુખ આપત્તિ–રહિત સ્વાધીન તથા અવિનાશી છે. તેથી ગ્રહણ કરવા યોગ્ય છે આ ( ઉપરના ચિત્રનું ) તાત્પર્ય છે.

( વિશેષઃ– વિમાનમાં એક વિદ્યાધર આવીને, પેલા મનુષ્યની ઉપર કરુણા કરીને કહે છે કે તું મધના ટીપાનો સ્વાદ લેવામાં રોકાયો છે પરંતુ હમણાં જ તારું ભયંકર રીતે મોત થશે. માટે મારો હાથ પકડીને આ વિમાનમાં બેસી જા, તો તું બચી જઈશ. પણ મધના સ્વાદનો લોલુપી 'એક ટીપું ચાખી લઉં' , 'એક ટીપું ચાખી લઉં' કરતો કરતો વિદ્યાધરની વાતની અવગણના કરે છે અને ડાળી તૂટી પડતાં કૂવામાં પડીને ભયંકર રીતે મરણ પામે છે. તેવી જ રીતે સંસારી જીવને ભાગ્યોદયથી સમ્યગ્જ્ઞાની ગુરુનો યોગ મળે છે. શ્રીગુરુ અત્યંત કરુણા કરીને, જીવને વારંવાર સાવધાની આપીને સંસારથી ચૈતવી રહ્યાં છે તોપણ મોહી–જીવ ઇન્દ્રિય વિષયોની લોલુપતામાં 'પછી ધર્મ કરીશ' , 'પછી ધર્મ કરીશ' એમ ધર્મ–સાધનમાં મુદત મારતો શ્રીગુરુના કરુણાપૂર્વકના ઉપદેશની અવગણના કરીને, મનુષ્ય–આયુ પૂરુ થઈ જતાં, ચારે ગતિમાં રઝળ્યા કરે છે. )

* શ્રી ઈશ્વરચંદજી સનાવતવાળાની સુપુત્રી સૌ. મીનાબેન તેજકિરણ ( ઉં. વ. ૨૮ ) તા. ૧૪–૧૦–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમને વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે અપાર ભક્તિભાવ હતો. તેમણે ધાર્મિકભાવથી એક વર્ષ સુધી શિક્ષણ વર્ગ ચલાવ્યો હતો. અવાર–નવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લેતા હતા. છેલ્લી સ્થિતિ વખતે ઘણી આત્મભાવના જાગૃત રાખી હતી. તેઓ દેવ–શાસ્ત્ર–ગુરુના પ્રતાપે આત્મવૃદ્ધિ પામો.

* ધ્રાંગધ્રાનિવાસી શ્રી સોમચંદભાઈ છગનલાલ શાહ તા. ૨–૧૨–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ભક્તિભાવ હતો.

* ગઢડાનિવાસી શ્રી હરીચંદભાઈ લક્ષ્મીચંદભાઈ ( ઉં. વ. ૭૬ ) તા. ૨૭–૧૨–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. છેલ્લા છ–વર્ષથી સોનગઢ રહીને તેઓ પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લઈ રહ્યા હતા, તેમને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ભાક્તિભાવ હતો.

***સ્વર્ગસ્થ આત્માઓ દેવ-શાસ્ત્ર-ગુરુના પ્રતાપે આત્મોન્નતિ પામો.***

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ પ્રવાસનો ક્રમ

**( વિ. સં. ૨૦૩૩ )**

| ગામ | તિથિ | વાર | તારીખ | દિવસ |
|---|---|---|---|---|
| ઉમરાળા | ફા. સુ. ૧૦-૧૧ | સોમ-મંગળ | ૨૮ ફેબ્રુ.-૧ માર્ચ | ૨ |
| ગઢડા | ફા. સુ. ૧૨ થી ૧૫ | બુધ થી શનિ | ૨ થી ૫ માર્ચ | ૪ |
| લાઠી | ફા. વ. ૧ થી ૪ | રવિ થી બુધ | ૬ થી ૯ માર્ચ | ૪ |
| અમરેલી | ફા. વ. ૫ થી ૯ ( ૭ ક્ષય ) | ગુરુથી રવિ | ૧૦ થી ૧૩ માર્ચ | ૪ |
| મોટાઆંકડિયા | ફા. વ. ૧૦-૧૧ | સોમ-મંગળ | ૧૪-૧૫ માર્ચ | ૨ |
| વડિયા | ફા. વ. ૧૨ થી ૧૪ | બુધથી શુક્ર | ૧૬ થી ૧૮ માર્ચ | ૩ |
| જેતપુર | ફા. વ. ૩૦, ચૈ. સુ. ૧ થી ૩ | શનિ થી મંગળ | ૧૯ થી ૨૨ માર્ચ | ૪ |
| પોરબંદર | ચૈ. સુ. ૪ થી ૮ ( ૬ બે ) | બુધથી સોમ | ૨૩ થી ૨૮ માર્ચ | ૬ |
| ગોંડળ | ચૈ. સુ. ૯ થી ૧૨ | મંગળથી શુક્ર | ૨૯ માર્ચ થી ૧ એપ્રિલ | ૪ |
| રાજકોટ | ચૈ. સુ. ૧૩ થી વદ ૯ ( ૧ ક્ષય ) | શનિથી મંગળ | ૨ થી ૧૨ એપ્રિલ | ૧૧ |
| જામનગર | ચૈ વ. ૧૦ થી વૈ. સુ. ૨* | બુધથી બુધ | ૧૩ થી ૨૦ એપ્રિલ | ૮ |
| વઢવાણ | વૈ. સુ. ૩ થી ૬ | ગુરુ થી રવિ | ૨૧ થી ૨૪ એપ્રિલ | ૪ |
| અમદાવાદ | વૈ. સુ. ૭ થી ૧૦ | સોમ થી ગુરુ | ૨૫ થી ૨૮ એપ્રિલ | ૪ |
| પાલેજ | વૈ. સુ. ૧૧ થી ૧૪ | શુક્ર થી સોમ | ૨૯ એપ્રિલ થી ૨ મે | ૪ |
| સૂરત | વૈ. સુ. ૧૫ થી વૈ. વ. ૩ | મંગળ થી શુક્ર | ૩ થી ૬ મે | ૪ |
| વડોદરા | વૈ. વ. ૪ થી ૮ ( ૫ ક્ષય ) | શનિથી મંગળ | ૭ થી ૧૦ મે | ૪ |
| અમદાવાદ | વૈ. વ. ૯ | બુધવાર | ૧૧મે | ૧ |
| બગોદરા | ( વૈ. વ. ૯, બુધવાર, તા. ૧૧મે-સાંજે અમદાવાદથી રવાના થઈ રાત રહેવું. ) | | | |
| ભાવનગર | વૈ. વ. ૧૦ થી ૧૩ | ગુરુથી રવિ | ૧૨ થી ૧૫ મે | ૪ |
| સોનગઢ | વૈ. વ. ૧૪ | સોમવાર | ૧૬ મે | |

* વૈશાખ સુદ ૨, પૂજ્ય ગુરુદેવશ્રીની ૮૮મી જન્મજયંતી જામનગરમાં ઉજવાશે.

# આગમ-મહાસાગરના અણમૂલાં રત્નો

નિર્ધન મનુષ્યને ધન નહિ હોવાથી તે દુઃખી થાય છે અને ધનવાન મનુષ્યોને સંતોષ નહિ હોવાથી તે દુઃખી થાય છે. આ પ્રકારે ખેદ છે કે નિર્ધન કે ધનવાન સર્વ દુઃખ જ અનુભવે છે. જો કોઈ સુખી હોય તો એક 'સુખી' એટલે તૃષ્ણાથી રહિત, સંતોષવાળા મુનિ જ સુખી જ છે. તેથી ધન કાંઈ સુખનું કારણ નથી તેમ નિર્ધનતા દુઃખનું કારણ નથી. પરંતુ તૃષ્ણા દુઃખનું કારણ છે. સંતોષ જ સુખનું કારણ છે. માટે એને જ પ્રાપ્ત કરો. (શ્રી ગુણભદ્રઆચાર્ય, આત્માનુશાસન.)

શરીરમાં રોગાદિ વધી જાય તોપણ સાધક ખેદ પામતા નથી. નાવમાં બેઠેલા પુરુષને નદીમાં ગમે તેટલું પાણી વધી જાય છતાં કેવી રીતે ભય થાય ? અર્થાત્ તેને કોઈ રીતનો ભય થતો નથી.

(શ્રી ગુણભદ્રઆચાર્ય, આત્માનુશાસન)

શ્રી આચાર્યદેવ કહે છે કે હે જીવો ! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીવો. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે. સર્વ કલ્યાણનું બીજ છે. આ સંસારસમુદ્રથી તરવા માટે તે જહાજ છે. એક ભવ્ય જીવો જ તેને પામી શકે છે. પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે કુહાડી સમાન છે. પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વને તે હણનાર છે. (શ્રી શુભચંદ્રઆચાર્ય.)

અનાદિ મિથ્યાદ્રષ્ટિ એવા ભદ્રણાદિ રાજપુત્રો તે ભવમાં પહેલી જ વાર ત્રસપણું પામ્યા અને જિનેન્દ્રદેવના પાદકમળની નીકટમાં ધર્મશ્રવણ કરીને સમ્યગ્દર્શન તથા સંયમને પામ્યા અને ઘણા જ થોડા કાળમાં રત્નત્રયની પૂર્ણતા કરીને સિદ્ધ થયા... માટે આરાધના જ સાર છે. (ભગવતી આરાધના.)

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૩૫૦